Saturday, 01 August 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



પ્રશ્ન પૂછવો એ એક સારા વિદ્યાર્થીની નિશાની છે, તેથી તેમને પ્રશ્નો પૂછવા દો. - ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૨૯ ● સંવત-૨૦૮૨ અષાઢ વદ ત્રીજ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

### કેન્દ્રના જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ સમક્ષ

# મધુબન ડેમ તથા દમણગંગા બેઝિનની સુરક્ષાના સંદર્ભમાં શ્વેત પત્ર જારી કરવા સાંસદ ઉમેશભાઈ પટેલની માંગણી



**દમણ-દીવના સાંસદ ઉમેશભાઈ પટેલે ભારત સરકારના જળશક્તિ મંત્રીની મુલાકાત કરી પાઠવેલા આવેદનપત્રમાં મધુબન ડેમનું રાષ્ટ્રીય સ્તર પર સ્વતંત્ર સુરક્ષા ઓડિટ, કેન્દ્રીય જળ આયોગ, રાષ્ટ્રીય ડેમ સુરક્ષા પ્રાધિકરણ અને રાષ્ટ્રીય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની સંયુક્ત નિષ્ણાત સમિતિ દ્વારા નિરીક્ષણ, ડેમનું સંરચનાત્મક અને ભૂકંપીય ક્ષમતાનું વૈજ્ઞાનિક અધ્યયન સહિતના સૂચનો સાથે કરેલી માંગણી**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવી દિલ્હી, તા.૩૧**

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે આજે ભારત સરકારના જળ શક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલની મુલાકાત કરી મધુબન ડેમની સુરક્ષા દમણગંગાના કેચમેન્ટ વિસ્તારમાં પૂર પ્રબંધન અને પ્રભાવિત લોકોના પુનર્વસનના વિષયને પ્રમુખતાથી રજૂ કર્યો હતો.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલ સાથે દાનહ અને દમણ તથા ગુજરાતના વાપી અને મહારાષ્ટ્રની સરહદના વિસ્તારોમાં આવેલ ભીષણ પૂરનું કારણ અને ઉત્પન્ન થયેલ સ્થિતિ ઉપર વિસ્તૃતથી ચર્ચા કરી હતી.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે કેન્દ્ર જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલને સોંપેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, વિક્રમસર્જક વરસાદ, મધુબન ડેમથી છોડવામાં આવેલા અધિક જળ, લગાતાર વરસાદ તથા દરિયામાં ભરતીના સંયુક્ત પ્રભાવથી દમણગંગા નદીના બેઝિન(કેચમેન્ટ એરિયા)માં ગંભીર પૂર જેવી સ્થિતિ ઉત્પન્ન થઈ હતી. આ આફતમાં હજારો પરિવારો પ્રભાવિત થયા છે અને અનેકના ઘર તથા વેપારી પ્રતિષ્ઠાનો પણ જળમગ્ન થવા પામ્યા છે. ખેડૂતોનો પાક નષ્ટ થયો અનો માછીમારોની બોટોને પણ ભારે નુકસાન પહોંચ્યું છે.

સાંસદશ્રીએ ૨૦૦૩ની દમણની દર્દનાક પુલ દુર્ઘટનાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, મધુબન ડેમથી છોડાયેલા પાણી બાદ સર્જાયેલ પુલ દુર્ઘટનામાં શાળાના બાળકો, રાહદારી તથા શિક્ષક મળી કુલ ૩૨ વ્યક્તિઓના મોત થયા હતા. તેમણે જણાવ્યું હતું કે, હાલની ઘટનામાં પણ લોકોના મનમાં તે સમયનો ભય ફરી જીવિત થયો છે અને ભવિષ્યમાં આ પ્રકારની કોઈપણ સ્થિતિથી બચવા માટે લાંબા સમયની અને વૈજ્ઞાનિક સમાધાન જરૂરી હોવાનું જણાવ્યું છે.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે પોતાના આવેદનપત્રમાં મધુબન ડેમનું રાષ્ટ્રીય સ્તર પર સ્વતંત્ર ઓડિટ, કેન્દ્રીય જળ આયોગ, રાષ્ટ્રીય ડેમ સુરક્ષા પ્રાધિકરણ અને રાષ્ટ્રીય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની સંયુક્ત નિષ્ણાત સમિતિ દ્વારા નિરીક્ષણ, ડેમનું સંરચનાત્મક અને ભૂકંપીય ક્ષમતાનું વૈજ્ઞાનિક અધ્યયન, ડાઉન સ્ટ્રીમ વિસ્તારમાં પ્રોટેક્શન ડેમ-ફલડ બફર ડેમનું નિર્માણ, દમણગંગા બેઝિન માટે ઈન્ટ્રીગ્રેટેડ ફલડ મેનેજમેન્ટ પ્લાન, અદ્યતન અર્લીવોર્નિંગ સિસ્ટમ, એસએમએસ એલર્ટ, સાયરન વોર્નિંગ સિસ્ટમ, સાર્વજનિક એસઓપી, પૂર પ્રભાવિતો માટે રાહત અને પુનર્વસન તથા મધુબન ડેમ અને દમણગંગા બેઝિનની સુરક્ષા ઉપર શ્વેત પત્ર જારી કરવાની માંગણી કરી હતી.

મુલાકાત દરમિયાન ભારત સરકારના જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલે સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલની રજૂઆતોને ગંભીરતાથી સાંભળી અને તેમણે હાલમાં સર્જાયેલ પૂરની પરિસ્થિતિની સંપૂર્ણ જાણકારી મેળવી હતી અને આશ્વાસન આપ્યું હતું કે, તેઓ વહેલામાં વહેલી તકે આ મુદ્દે યોગ્ય અને અસરકારક કાર્યવાહી સુનિશ્ચિત કરશે.

### લોકસભામાં તારાંકિત પ્રશ્નના માધ્યમથી

# સાંસદ ઉમેશભાઈ પટેલે સેલવાસની સરકારી નમો મેડિકલ કોલેજમાં પી.જી.ના અભ્યાસક્રમ માટે રાખવામાં આવેલ અતાર્કિક ફીસનો ઉઠાવેલો મુદ્દો

**નમો મેડિકલ કોલેજમાં નિયમિત પ્રાધ્યાપકો, નિષ્ણાત ચિકિત્સકો, રેસિડન્ટ ડોક્ટરો અને અન્ય સ્વીકૃત પદો માટે ખાલી પડેલ જગ્યાઓના વિવરણની પણ કરેલી માંગણીઃ ખાલી પડેલા પદોના કારણે મેડિકલ એજ્યુકેશન, ક્લિનિકલ પ્રશિક્ષણ અને દર્દીઓને મળનારી આરોગ્ય સેવાઓની ગુણવત્તા ઉપર પડી રહેલા પ્રભાવની પણ માંગેલી જાણકારી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવી દિલ્હી, તા.૩૧**

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ બાબુભાઈ પટેલે આજે લોકસભામાં તારાંકિત પ્રશ્નના માધ્યમથી નમો મેડિકલ કોલેજ અને અનુસંધાન સંસ્થા સેલવાસમાં પોસ્ટ ગ્રેજ્યુએશનના અભ્યાસક્રમની ફીસ, સરકારી મેડિકલ કોલેજોમાં ફીની અસમાનતા તથા મેડિકલ કોલેજમાં ખાલી પડેલ પદોનો મુદ્દો ઉઠાવ્યો હતો.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે તારાંકિત પ્રશ્નના માધ્યમથી દેશભરમાં સરકારી મેડિકલ કોલેજોમાં પોસ્ટ ગ્રેજ્યુએશન અભ્યાસક્રમોની ફીસમાં વ્યાપેલી અસમાનતા ઉપર સરકારનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. તેમણે વિશેષ રૂપથી નમો મેડિકલ કોલેજ સેલવાસના પોસ્ટ ગ્રેજ્યુએશન અભ્યાસક્રમના ફી માળખાની સમીક્ષા કરી તેને વિદ્યાર્થીઓ માટે વધુ તર્કસંગત અને વ્યાજબી બનાવવા માટે માંગણી કરી હતી.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે નમો મેડિકલ કોલેજમાં નિયમિત પ્રાધ્યાપકો, નિષ્ણાત ચિકિત્સકો, રેસિડન્ટ ડોક્ટરો અને અન્ય સ્વીકૃત પદો માટે ખાલી પડેલ જગ્યાઓના વિવરણની પણ માંગણી કરી હતી અને આ ખાલી પડેલા પદોના કારણે મેડિકલ એજ્યુકેશન, ક્લિનિકલ પ્રશિક્ષણ અને દર્દીઓને મળનારી આરોગ્ય સેવાઓની ગુણવત્તા ઉપર શું પ્રભાવ પડી રહ્યો છે?, તથા આ પદોને તાત્કાલિક ભરવા માટે સરકાર શું પગલાં ભરી રહી છે તે બાબતે પણ પ્રશ્ન પૂછી વિગત જાણવાનો પ્રયાસ કર્યો હતો.

દમણ અને દીવના શ્રી ઉમેશભાઈ પટેલે નમો મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં પોસ્ટ ગ્રેજ્યુએશનના અભ્યાસક્રમ માટે રૂા.૭૫ લાખ કરતા વધુની રાખવામાં આવેલી ફીસનો મુદ્દો લોકસભામાં ઉઠાવતા પ્રદેશના વિદ્યાર્થીઓએ તેમની પહેલને વધાવી લીધી છે અને પ્રદેશના યુવા વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસક્રમ સહિત સરકારી નોકરીમાં તક મળે તેવી વ્યવસ્થા માટે પણ સરકારનું ધ્યાન દોરશે એવી સામાન્ય જનતા અપેક્ષા પ્રગટ કરી રહી છે.

## હવે શ્રી જવાહર નવોદય વિદ્યાલયમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૦૨૮માં ધોરણ ૬માં પ્રવેશ માટે ૦૭ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં અરજી કરી શકાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**દમણ, તા.૩૧ઃ** નવોદય વિદ્યાલય સમિતિના જણાવ્યા પ્રમાણે શ્રી જવાહર નવોદય વિદ્યાલય, દમણમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૦૨૮માં ધોરણ ૬માં પ્રવેશ માટે અરજી કરવાની પ્રક્રિયા ઓનલાઈન ઉપલબ્ધ છે. જેની છેલ્લી તારીખ ૩૧/૦૭/૨૦૨૬ હતી જેને હવે વધારીને આગામી તા.૦૭/૦૮/૨૦૨૬ સુધી લંબાવાઈ છે. તેથી જે પણ વાલીઓ પોતાના બાળકને પ્રતિષ્ઠિત જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ ૬માં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેઓએ નિર્ધારિત સમયમર્યાદામાં આપવામાં આવેલ લિંક link For Class-6 -https://cbseitms.rcil.gov.in/nvs/lndex/Registration. ઉપર ઓનલાઈન અરજી કરી શકાય છે.

### કૈડાવાંટ ખાતે 3 ઓગસ્ટે ૨૮મા ‘બાલતરૂ’ વૃક્ષમંદિરનો ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

**પૂ. દીદીજીના પાવન સાનિધ્યમાં તાપીથી દાહોદ સુધીના ૨.૫ લાખથી વધુ આદિજાતિ સમુદાયના ભાઈ-બહેનો ઉમટશે**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ક્વાંટ, તા.૩૧**

‘‘વૃક્ષમાં વાસુદેવ અને છોડમાં રણછોડ’’ના ભક્તિભાવને જીવનમાં સાકાર કરતો સ્વાધ્યાય પરિવારનો ક્રાંતિકારી વૃક્ષમંદિર પ્રયોગ કૈડાવાંટ, ક્વાંટ ખાતે આકાર લઈ રહ્યો છે. અહીં નિર્માણ પામેલા ૨૮મા ‘બાલતરૂ’ વૃક્ષમંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની પૂર્વ તૈયારીના ભાગરૂપે તા.૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ ભાવપૂર્ણ વાતાવરણમાં ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

તા.૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પરમ પૂજનીય દાદાજીનાં સહધર્મચારિણી પરમ પૂજનીય નિર્મલા તાઈનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. આ પાવન અવસરે કૈડાવાંટ ખાતે ૨૮મા વૃક્ષમંદિરની પ્રાણપ્રતિષ્ઠાનો ભવ્ય ઉત્સવ ઉજવાશે. આ મહોત્સવમાં તાપીથી દાહોદ સુધીના અંતરિયાળ વિસ્તારના ૨.૫ લાખથી વધુ ભાઈ-બહેનોનો વિશાળ પરિવાર એકત્રિત થવાની સંભાવના છે.

મહોત્સવને સુચારુ અને સુંદર બનાવવા હજારો સ્વાધ્યાયી કૃતિશીલો દિવસ-રાત જોયા વિના કૃતિ ભક્તિમાં જોડાયેલા છે. ઉત્સવસ્થળની સજાવટ, બેઠક વ્યવસ્થા, પાણી, સ્વચ્છતા તથા દૂરદૂરથી આવનાર ભાઈ-બહેનોને કોઈ તકલીફ ન પડે તે માટે તમામ તૈયારીઓ ઉત્સાહપૂર્વક ચાલી રહી છે. સમગ્ર પૂંજમાં વિશેષ ઉત્સાહનું મુખ્ય કારણ તેમના વહાલાં પૂજનીય દીદીજી–પૂજનીય જયશ્રી તળવળકરનું આગમન છે. પૂજનીય દીદીજીનાં દર્શન અને આશીર્વચન મેળવવા સૌ આતુર બન્યા છે. યુવાનો અને યુવતીઓ પણ પૂજનીય દીદીજીના સ્વાગત માટે ભાવવંદનાની તૈયારીમાં ઉમંગપૂર્વક જોડાયા છે.

મહોત્સવમાં આવનાર સમગ્ર સ્વાધ્યાયી પરિવાર પરમ પૂજનીય દાદાજીએ આપેલી ત્રિકાળ સંધ્યાનો મુખપાઠ કરીને ઉપસ્થિત થશે અને ભક્તિ, ભાવ તથા પારિવારિક એકતાના આ અનોખા દિવ્ય ઉત્સવને માણશે.

### ભારતીય હવામાન વિભાગની ભારેથી અતિ ભારે વરસાદની આગાહીના પગલે

# આજે દાનહ અને દમણ જિલ્લાની આંગણવાડીઓ, શાળા-કોલેજો અને આઈ.ટી.આઈ. સહિતની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં જાહેર કરાયેલી રજા

**આ રજા વિદ્યાર્થીઓ સિવાય શિક્ષકો તથા શૈક્ષણિક સંસ્થાઓના સ્ટાફને લાગૂ પડશે નહિ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ/સેલવાસ, તા.૩૧**

ભારતીય હવામાન વિભાગ (IMD), હવામાન કેન્દ્ર, અમદાવાદ દ્વારા ૩૧/૦૭/૨૦૨૬ના રોજ સાંજની આગાહીમાં, આગામી ૨૪ કલાક દરમિયાન દાદરા નગર હવેલી અને દમણ જિલ્લામાં (રેડ એલર્ટ)ની આગાહી કરવામાં આવી છે. પડોશના જિલ્લાઓ અને પ્રદેશોમાં પણ ભારેથી અતિ ભારે વરસાદ પડવાની સંભાવના છે, જેના પરિણામે પાણી ભરાઈ જવા, પૂર આવવા, નદીઓ અને નાળાઓમાં પાણીનું સ્તર વધવું, પરિવહન વિક્ષેપિત થવું અને વરસાદ સંબંધિત અન્ય ઘટનાઓ બની શકે છે, જેની દમણ જિલ્લા પર વ્યાપક અસર પડી શકે છે. તેથી આવતી કાલ તા.૦૧/૦૮/૨૦૨૬ના રોજ સાવચેતીના પગલા તરીકે દાદરા નગર હવેલી અને દમણ જિલ્લાની આંગણવાડીઓ, સરકારી અને ખાનગી શાળા-કોલેજો, પોલીટેકનિક અને આઈ.ટી.આઈ. સહિતની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં દાનહ અને દમણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિદ્યાર્થીઓ માટે રજા જાહેર કરવામાં આવેલ છે.

દમણ જિલ્લામાં ભારે વરસાદ, પાણી ભરાવા અને અન્ય કોઈપણ પૂર જેવી ઘટના અંગે કોઈપણ અપડેટ્સ, માહિતી ફરિયાદો અથવા આપત્તિના સમયે જાહેર જનતાએ ઈમરજન્સી કંટ્રોલ રૂમ નંબર ૧૦૭૭, ૦૨૬૦-૨૨૩૧૩૭૭, ૦૨૬૦-૨૨૫૩૦૦૦ અને વોટ્સએપ ૮૩૪૭૨૯૪૩૪૨ પર સંપર્ક કરવો જ્યારે દાનહ જિલ્લામાં ઈમરજન્સી કંટ્રોલ રૂમ નં.૧૦૭૭, ૦૨૬૦-૨૪૧૨૫૦૦ અને વોટ્સએપ નંબર ૮૭૮૦૦૦૧૦૭૭ પર આપાતકાલીન સ્થિતિમાં સંપર્ક કરવા જણાવાયું છે.

# દમણના તમામ ૧૬ સરપંચોએ પ્રધાનમંત્રીના ‘વિકસિત ભારત’ માટે ‘નશા મુક્ત યુવા’ અભિયાનને આપેલું સમર્થન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૩૧**

‘વિકસિત ભારત’ માટે ‘નશા મુક્ત યુવા’ અભિયાનના અમલીકરણને મજબૂત બનાવવા માટે દમણ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ધરમભાઈ પટેલની અધ્યક્ષતામાં દમણના તમામ ૧૬ સરપંચોની એક બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન, માય ભારતની જિલ્લા યુવા અધિકારી શ્રીમતી સૃષ્ટિ શર્માએ સરપંચોને આ રાષ્ટ્રવ્યાપી અભિયાનના હેતુ અને મહત્ત્વ વિશે માહિતી આપી હતી, જેનો ઉદ્દેશ્ય યુવાનોમાં ડ્રગના દુરૂપયોગના વિશે જાગૃતિ લાવવા અને વિકસિત ભારત માટે સ્વસ્થ, જવાબદાર અને મજબૂત પેઢીને પ્રોત્સાહન આપવાનો હોવાનું જણાવ્યું હતું.

તેમણે તમામ સરપંચોને તેમના ગામડાઓના યુવાનોને MY BHARAT પોર્ટલ પર નોંધણી કરાવવા માટે પ્રોત્સાહિત કરીને MY BHARAT નોંધણી અભિયાનને સક્રિયપણે સમર્થન આપવા વિનંતી કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પોર્ટલ પર ભાગીદારી વધવાથી યુવાનોની ભાગીદારી વધશે, સ્વયંસેવાને વેગ મળશે અને રાષ્ટ્ર નિર્માણના પ્રયાસોમાં યોગદાન આપવા માટે યુવાનોને વધુ તકો મળશે.

શ્રી ધરમ બાબુ પટેલે માય ભારતના પ્રયાસોની પ્રશંસા કરી હતી અને દમણની તમામ ગ્રામ પંચાયતો તરફથી સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી હતી. તેમણે સરપંચોને ગ્રામ્ય સ્તરે યુવાનોને એકત્ર કરવા, અભિયાન વિશે જાગૃતિ ફેલાવવા અને જિલ્લામાં મજબૂત યુવા જોડાણ બનાવવા માટે MY BHARAT



પોર્ટલ પર મહત્તમ નોંધણી સુનિશ્ચિત કરવા અપીલ કરી હતી.

‘વિકસિત ભારત’ માટે ‘નશામુક્ત યુવા’ અભિયાનની સફળતા માટે સાથે મળીને કામ કરવા અને MY BHARAT પ્લેટફોર્મ દ્વારા યુવાનોની ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે તમામ ૧૬ સરપંચોએ સામૂહિક વચન સાથે બેઠક સંપન્ન થઈ હતી.




## સુવિચાર - સદ્‌વિચાર

દરેક દિવસ નવી શરૂઆત છે,
ગઈકાલ ભૂલી જાવ, આજે જીતવાની તક લો.

## કવિતા


### ...મને તો સુખ એમાં દેખાય

એક રમકડું લઈ મનગમતું,
માના ખોળે હસતું-રમતું,
મીઠાં હાલરડાં સાંભળતું,
માની સામે જોતું જોતું બાળક ઊંઘી જાય, મને તો સુખ એમાં દેખાય.
ભાર ભરેલાં દફતર ખાખી,
એક દિવસ ખૂણામાં નાખી,
નિશાળમાં પણ છુટ્ટી રાખી,
ભાઈબંધો સૌ થઈ ઉઘાડા ભરવર્ષામાં ન્હાય, મને તો સુખ એમાં દેખાય.
ઈચ્છાઓ લઈ ને ઊભેલી,
એક છોકરી પ્રેમે ઘેલી,
નિશ્ચિત સ્થાને પહોંચી વહેલી,
પ્રેમીને જોતાંની સાથે આછેરું મલકાય, મને તો સુખ એમાં દેખાય.
એક દિવસ મા વહેલી જાગે,
ઘર ખાલીખમ સૂનું લાગે,
ઘરનો બેલ અચાનક વાગે,
ને બચ્ચાંને લઈ દિકરી મળવા આવી જાય, મને તો સુખ એમાં દેખાય.
છો કેડેથી હોય વળેલા,
એક સાંજની ડૂબતી વેળા,
દાદા સૌ મિત્રોની ભેળા,
જૂની ફિલ્મો યાદ કરીને જૂનાં ગીતો ગાય, મને તો સુખ એમાં દેખાય.

- શ્યામલ મુનશી

## આજની જોક

રાજીવ : 'યાર, મહેશ તને ખબર છે કે મીસ શર્માની વાણી અચાનક બંધ થઈ ગઈ છે?'
મહેશ : તો તો આજે જ મારી પત્નીને તેને ઘરે જોવા માટે મોકલું છું.
રાજીવ : 'ના, ના, પણ હું વિચારી રહ્યો છું કે જો મીસ શર્માની બિમારી ચેપી નીકળી તો આજે મારી આઝાદી નિશ્ચિત છે!'



## કબીર વાણી

**પથ્થર પાની પુંજ કર, પચ પચ મુવા સંસાર;**
**ભેદ નિરાલા રહે ગયા, કોઈ બિરલા હુવા પાર.**

**-અર્થાત-**

પથ્થર અને પાણી પૂજી પૂજી, અને માત્ર એવા બાહેરના દેખાવો કરી, સંસારનાં સર્વે લોકો ડુબી મુવા છે; જ્યારે પરમાત્માનો ભેદ તો બીજોજ છે, જે વાત કોઈ વિરલો પુરૂષજ જાણે છે અને તે સમજી ખરો રસ્તો પકડી પાર થઈ જાય છે.

## આજનો દિન વિશેષ

### રામચંદ્ર પટેલ

રામચંદ્ર બબલદાસ પટેલ (જન્મ ૧ ઓગસ્ટ ૧૯૩૯), જેમને તેમના ઉપનામ સુકૃતથી પણ ઓળખવામાં આવે છે, તે ગુજરાત, ભારતના એક ગુજરાતી કવિ, નવલકથાકાર અને ટૂંકી વાર્તા લેખક છે. રામચંદ્ર પટેલનો જન્મ ૧ ઓગસ્ટ ૧૯૩૯ ના રોજ ઉમટા ગામમાં (હવે મહેસાણા જિલ્લો, ગુજરાત) થયો હતો. તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ઉમટા અને વિસનગરથી પૂર્ણ કર્યું. એસ.એસ.સી. પૂર્ણ કર્યા પછી, તેઓ અમદાવાદની શેઠ સી.એન. કોલેજ ઓફ ફાઈન આર્ટ્સમાં જોડાયા અને ડી.ટી.સી. મેળવ્યા. તેઓ ઉમટા પાછા ફર્યા અને હાઈસ્કૂલમાં ચિત્ર શિક્ષક તરીકે જોડાયા. ૩૮ વર્ષ સેવા આપ્યા પછી તેઓ ત્યાંથી નિવૃત્ત થયા. તેઓ તેમના ગામમાં રાજગઢી ટેકરામાં મધ્યયુગીન જૈન મંદિરની શોધમાં સામેલ હતા. તેઓ કૃષિ, શિક્ષણ અને સમાજ સેવામાં કામ કરે છે. તેમને ૨૦૦૪માં કુમાર સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. તેમને ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી પણ પુરસ્કારો મળ્યા છે.

## આજની વાર્તા : મા! મને છમ વડું

એક હતો બ્રાહ્મણ એક હતી બ્રાહ્મણી. એમને હતી સાત છોડીઓ. બ્રાહ્મણ ઘરનો બહુ જ ગરીબ. રોજ બિચારો સાત ગામ માગે ત્યારે માંડ માંડ પેટનું પુરું થાય. એક દિવસ બ્રાહ્મણને વડાં ખાવાનું મન થયું. એણે બ્રાહ્મણીને કહ્યું - આજ તો વડાં ખાવાનું મન થયું છે.

બ્રાહ્મણી - પણ બધાંયને થાય એટલો લોટ ઘરમાં નથી. પાંચ-સાત વડાં થાય એટલો લોડ માંડ માંડ નીકળે તો પણ ઘણું.

બ્રાહ્મણ - ત્યારે કંઈ નહિ; વાત માંડી વાળો.

બ્રાહ્મણી - ના, એમ નહીં. પરમ દહાડે ધોળી કાકી થોડાંક વડાં આપી ગયાંહ તાં તે મેં ને છોડીઓએ ચાખ્યા છે; એક તમે રહી ગયા છો. છોડીઓને વાળુ કરીને સૂઈ જવા દો. પછી હું તમને પાંચ-સાત પાડી આપીશ. મારે કંઈ ખાવાં નથી એટલે તમે એટલાં વડાં ખાઈને પાણી પીશો તો પેટ ભરાશે.

બ્રાહ્મણ - ભલે, પણ તુંએ એકાદ-બે ચાખજે ને.

બ્રાહ્મણી - સારું.

રાત પડી ને છોડીઓ સૂઈ ગઈ પછી બ્રાહ્મણીએ હળવેથી ઊઠીને ચૂલો સળગાવ્યો. પછી ચૂલા ઉપર લોઢી મૂકીને ઉપર ટીપૂંક તેલ મૂક્યું. પછી વડાંનો લોટ ડોઈને વડાં કરવા બેઠી. જ્યાં પહેલું વડું લોઢીમાં મૂક્યું ત્યાં 'છમ, છમ' થયું. આ 'છમ છમ'નો અવાજ સાંભળી એક છોડી જાગી ને કહે - મા! મને છમ વડું. મા કહે - સૂઈ જા, સૂઈ જા, આ લે એક વડું. જોજે બીજી જાગે નહીં. પહેલી છોડી તો એક વડું ખાઈને પાણી પીને સૂતી. માએ તો બીજું વડું મૂક્યું. ત્યાં તો પાછું 'છમ છમ' થયું. બીજી છોડી જાગી ને કહે - મા! મને છમ વડું. મા કહે - લે સૂઈ જા, સૂઈ જા. જોજે બીજી બહેન જાગશે. બીજી છોડી વડું ખાઈને સૂઈ ગઈ.

બ્રાહ્મણીએ બ્રાહ્મણની સામે જોયું. બ્રાહ્મણ કહે - હશે, એ છોકરાં છે ને! પછી માએ ત્રીજું વડું મૂક્યું; પણ ત્યાં તો પાછું છમ, છમ, છમ! 'છમ છમ' સાંભળી વળી એક છોડી જાગી ને કહે - મા! મને છમ વડું. મા કહે - લે. વળી તું ક્યાં જાગી! લે આ વડું; ખાઈને સૂઈ જજે. જોજે બીજીને જગાડતી નહિ. ત્રણ વડાં તો ખવાઈ ગયાં. હવે ચાર વડાંનો લોટ રહ્યો. બ્રાહ્મણીએ ચોથું વડું મૂક્યું. વળી પાછું વડું તો 'છમ છમ છમ' બોલ્યું. 'છમ છમ' થતું સાંભળી ચોથી છોડી જાગી ને એનેય વડું આપીને માએ સુવાડી દીધી. પછી તો પાંચમી છોડી જાગી ને પાંચમું વડું એને આપવું પડ્યું. તે પછી વળી છઠ્ઠી છોડી જાગી ને છઠ્ઠું વડું એના ભાગે ગયું. ને છેવટે સાતમું વડું સાતમી છોકરીએ ખાધું. ત્યાં તો બધો લોટ ખલાસ થઈ ગયો! બ્રાહ્મણ-બ્રાહ્મણીએ વડાં ન ખાધાં ને પાણી પીને સૂઈ ગયાં.

# દાનહના પૂરગ્રસ્ત વિસ્તારોમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા રાશન કીટનું વિતરણ કરાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૩૧**

પ્રદેશમાં પડેલા અતિભારે વરસાદને કારણે દાદરા નગર હવેલીના અનેક વિસ્તારોમાં અતિવૃષ્ટિ અને પૂર જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. સેલવાસ નગરપાલિકાના વોર્ડ નં.૧૫માં આવેલા બાલદેવી વિસ્તારના ૩૫૦થી વધુ પરિવારો આ આપત્તિથી પ્રભાવિત થયા હતા.પૂરગ્રસ્ત દરેક પરિવાર સુધી સ્થાનિક પ્રશાસન તથા ભારતીય જનતા પાર્ટીના સહયોગથી અનાજની રાશન કીટ પહોંચાડવાનું કાર્ય સતત ચાલી રહ્યું છે.

આ અનુસંધાને આજે ભારતીય જનતા પાર્ટી, દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશના અધ્યક્ષ શ્રી મહેશભાઈ અગરિયાના નેતૃત્વમાં ભાજપના પ્રતિનિધિમંડળે બાલદેવી વિસ્તારની મુલાકાત લીધી હતી.

પ્રદેશ અધ્યક્ષ શ્રી મહેશભાઈ અગરિયાએ પૂર પ્રભાવિત પરિવારો સાથે રૂબરૂ મુલાકાત કરી તેમની સમસ્યાઓ જાણી તેમજ તેમને અનાજની રાશન કીટનું વિતરણ કર્યું. લગભગ ૫૦થી વધુ પરિવારોને રાશન કીટ આપવામાં આવી હતી. જરૂરિયાતમંદ તમામ પરિવારો સુધી રાહત સામગ્રી પહોંચાડવાની આ સેવા સતત ચાલુ રહેશે.

# સેલવાસ ફાયર ઓફિસના અધીકારી નિવૃત્ત થતા વિદાય સન્માન સમારંભનું આયોજન કરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૩૧**



દાદરા નગર હવેલી ફાયર વિભાગમાં ફરજ બજાવતા ફાયર ઓફિસર વયમર્યાદાને લઈ નિવૃત્ત થતા સેલવાસ ફાયર સ્ટેશનમાં સ્ટાફ દ્વારા વિદાય સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેલવાસ ફાયર વિભાગમાં ફાયર ઓફિસર તરીકે ફરજ બજાવતા શ્રી અશોકભાઈ પસોતમદાસ પટેલ જેઓએ વર્ષ ૧૯૮૯માં ડ્રાઈવર ઓપરેટર તરીકે નોકરીની શરૂઆત કરી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૨માં પ્રમોશન મળતા સબ ઓફિસર તરીકે સબ ઓફિસર તરીકે ફરજ બજાવી હતી. એમણે ટોટલ ૩૭ વર્ષ અને પાંચ મહિના સર્વિસ કાર્યકાળ ફરજ બજાવી છે.ઉપસ્થિત અધિકારીઓના હસ્તે નારિયળ આપી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

આ અવસરે સેલવાસ ફાયર સ્ટેશન ઈન્ચાર્જ શ્રી સુમનભાઈ પટેલ અને ખાનવેલ ફાયર સ્ટેશન ઈન્ચાર્જ શ્રી સુમનભાઈ ભંડારી, દમણ હેડક્વાર્ટર ઈન્ચાર્જ તુલસી, સબ ઓફિસર શ્રી શૈલેષભાઈ ઘોડી સહિત સ્ટાફ અને શ્રી અશોકભાઈના પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# વાપી શ્રીમતી કે.આર.દેસાઈ પીટીસી કોલેજ ડી.એલ. એડ પ્રથમ વર્ષનું ૧૦૦ ટકા પરિણામ






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૧**

શ્રીમતી કે.આર.દેસાઈ કોલેજ ઓફ પીટીસી, વાપી અંતર્ગત પ્રથમ વર્ષ ડી.એલ.એડના વિદ્યાર્થીનીઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬ દરમિયાન રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ વાર્ષિક પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે.

જાહેર થયેલ પરિણામમાં પટેલ વિરેશ્વરીએ ૮૫.૬૭% સાથે પ્રથમ ક્રમ મેળવ્યો છે. કટારીયા કિંજલ અને ગાંવિત નેહલએ ૮૫.૨૨% સાથે સંયુક્ત રીતે દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. જ્યારે પટેલ સિદ્ધિએ ૮૩.૨૮% સાથે તૃતીય ક્રમ પ્રાપ્ત કરી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

વિદ્યાર્થીઓની આ સફળતા પાછળ પી.ટી.સી કોલેજના આચાર્ય સરોજબેન પટેલ તથા પ્રાધ્યાપક કુંજલ ટંડેલના સતત માર્ગદર્શનની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. વિદ્યાર્થીઓની આ જ્વલંત સિદ્ધિ મેળવવા બદલ સંસ્થાના ચેરમેનશ્રી મિલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડૉ.મિત્તલ શાહ તેમજ સર્વ પ્રાધ્યાપકોએ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવી તેમજ ઉજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# દાદરા નગર હવેલીમાં દોઢ ઈંચ વરસાદ પડ્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૩૧**



દાદરા નગર હવેલીમાં દોઢ ઈંચથી વધુ વરસાદ પડયો છે. હવામાન વિભાગ દ્વારા બે દિવસ ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહીને ધ્યાનમાં રાખી પ્રશાસન દ્વારા શાળા કોલેજ આંગણવાડી, આઈટીઆઈમાં રજા જાહેર કરવામા આવી હતી. સાથે સાથે સાવચેતીના પગલાં લેવામા આવી રહ્યા છે.

સેલવાસમા ૪૨.૨ એમએમ ૧.૬૮ ઈંચ અને ખાનવેલમાં ૩૪.૨ એમએમ ૧.૩૬ ઈંચ વરસાદ પડયો છે. સિઝનનો કુલ વરસાદ સેલવાસમાં ૨૫૦૨.૦૦ એમએમ ૯૮.૫૦ ઈંચ અને ખાનવેલમાં ૨૫૨૮.૮૦ એમએમ ૯૯.૫૬ ઈંચ થયો છે. મધુબન ડેમનું લેવલ ૭૩.૧૦ મીટર છે. ડેમમાં પાણીની આવક ૧૮૫૪૮ ક્યુસેક અને પાણીની જાવક ૧૦૮૭૫ ક્યૂસેક છે.આઈએમડી વિભાગ દ્વારા ૨૪ કલાક દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામા આવી છે.

# દીવની દીકરી નિકિતા સોલંકી અને મિતીક્ષા બારીયાનું ભાજપ દ્વારા સન્માન, પ્રધાનમંત્રી સાથેના સંવાદ બદલ કરાયું સન્માન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૩૧**



કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ માટે ગૌરવની ક્ષણ બની હતી, જ્યારે વિકસિત વાઈબ્રન્ટ વિલેજ કાર્યક્રમ અંતર્ગત દીવની દીકરી નિકિતા સોલંકીને ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે સીધો સંવાદ કરવાનો અવસર મળ્યો હતો. નાનકડા દીવનુ દેશવ્યાપી સ્તરે પ્રતિનિધિત્વ કરીને નિકિતાએ દીવનું નામ ગૌરવપૂર્ણ રીતે ઉજ્જવળ કર્યુ હતું.

આ ગૌરવપૂર્ણ સિદ્ધિને બિરદાવવા માટે આજે ભારતીય જનતા પાર્ટી, દીવ દ્વારા નિકિતા સોલંકી તથા તેની સાથે આ કાર્યક્રમમાં ભાગ લેનાર મિતીક્ષા બારીયાનું સન્માન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન ભાજપના આગેવાનો અને કાર્યકરોએ નિકિતા તથા મિતીક્ષાને અભિનંદન પાઠવી શુભેચ્છાઓ આપી હતી, તથા તેમના આ ઉત્કૃષ્ટ કાર્યને દીવના યુવાનો માટે પ્રેરણારૂપ ગણાવ્યું હતું.

ભાજપના આગેવાનોએ જણાવ્યું હતું કે, નિકિતા સોલંકીની આ સિદ્ધિ સમગ્ર દીવ માટે ગૌરવની બાબત છે અને આવા પ્રતિભાશાળી યુવાનોને સતત પ્રોત્સાહન આપવું જરૂરી છે.

કાર્યક્રમ અંતે નિકિતા સોલંકી અને મિતીક્ષાને સ્મૃતિચિહ્ન અર્પણ કરી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે નિકિતા સોલંકીએ પણ સન્માન બદલ બીજેપી પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# દાનહ મસાટ ઉચ્ચતર માધ્યમિક શાળાના ઈન્ચાર્જ આચાર્ય પીએચડીની પદવી પ્રાપ્ત કરી

## ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે સન્માન કરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૩૧**



દાદરા નગર હવેલીના ઉચ્ચતર માધ્યમિક શાળા મસાટના ઈન્ચાર્જ આચાર્ય અને નરોલીના રહેવાસી ડો.દોલતસિંહ પ્રભાતસિંહ સોલંકી તેમની શૈક્ષણિક યાત્રા સતત અભ્યાસ, આત્મવિકાસ અને જ્ઞાનસાધનાનું ઉત્તમ ઉદાહરણ છે.

તેમણે પી.ટી.સી.થી પોતાની કારકિર્દીની શરૂઆત કરી, ત્યારબાદ બી.એ., બી.એડ., એમ.એ. અને એમ.એડ. જેવી ઉચ્ચ શૈક્ષણિક લાયકાતો પ્રાપ્ત કરી. જ્ઞાન અને સંશોધન પ્રત્યેની તેમની અવિરત તલપના પરિણામે તેમણે 'માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના સામાજિક અને સાંવેગિક વિકાસનો શાળાકીય વાતાવરણના સંદર્ભમાં અભ્યાસ' વિષય પર સંશોધન પૂર્ણ કરીને પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે. જેઓને યોજાયેલા ભવ્ય દીક્ષાંત સમારોહ (Convocation) માં તેમણે ગુજરાતના રાજ્યપાલ તથા ગુજરાતની રાજ્ય યુનિવર્સિટીઓના કુલાધિપતિ આચાર્ય શ્રી દેવવ્રતના હસ્તે પી.એચ.ડી.ની પદવી ગ્રહણ કરીને પોતાના પરિવાર, શિક્ષક સમાજ તેમજ સમગ્ર દાદરા અને નગર હવેલીનું ગૌરવ વધાર્યું છે.

ડો.દોલતસિંહ શૈક્ષણિક ક્ષેત્રની સાથે તેઓ સહકારી ક્ષેત્રમાં પણ સક્રિય નેતૃત્વ આપી રહ્યા છે. તેઓ હાલમાં દાદરા અને નગર હવેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ., સેલવાસના પ્રમુખ તરીકે કાર્યરત છે. તેમના માર્ગદર્શન હેઠળ મંડળી શિક્ષકોના હિતો, કલ્યાણ અને સહકારની ભાવનાને વધુ મજબૂત બનાવવાના કાર્યમાં તેઓ સતત પ્રયત્નશીલ છે. તેમની આ ઐતિહાસિક સિદ્ધિના અવસરે આપણે સૌ ડૉ.દોલતસિંહ પ્રભાતસિંહ સોલંકીને હૃદયપૂર્વક અભિનંદન પાઠવીએ. તેમની આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત સફળતા નથી, પરંતુ સમગ્ર સમાજ માટે ગૌરવની ક્ષણ છે. તેમની અથાગ મહેનત, જ્ઞાનપ્રત્યેની તલપ અને સતત આગળ વધવાની ભાવના દરેક નવયુવાન માટે પ્રેરણાનું જીવંત ઉદાહરણ છે.

# બ્યૂટી ગેરેજ લિમિટેડે સેબી સમક્ષ ડીઆરએચપી ફાઈલ કર્યું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૩૧**

ભારતમાં જ વિકસેલી પ્રીમિયમ અને સલૂન-ગ્રેડ હેરકેર કંપનીબ્યૂટી ગેરેજ લિમિટેડે (બીજીએલ) આઈપીઓ દ્વારા ભંડોળ એકત્ર કરવા માટે સેબી સમક્ષ ડીઆરએચપી ફાઈલ કર્યું છે. ડીઆરએચપી મુજબ, પ્રસ્તાવિત આઈપીઓમાં રૂ. ૧,૨૫૦ મિલિયન(રૂા.૧૨૫ કરોડ) સુધીના ઈક્વિટી શેરનાફ્રેશ ઈશ્યૂ અને પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ જીગર બાબુભાઈ રાવરિયા અને મહેશ બાબુભાઈ રાવરિયા દ્વારા કુલ ૭૮,૩૬,૦૦૦ જેટલા ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફર (ઓએફએસ)નો સમાવેશ થાય છે.

કંપની ભારતભરના લક્ઝરી અને પ્રીમિયમ કેટેગરીના સલૂન, બ્યૂટી પ્રોફેશનલ્સ તેમજ રિટેલ ગ્રાહકો માટે અદ્યતન હેર ટ્રીટમેન્ટ અને હેર મેઈન્ટેનન્સ સોલ્યુશન્સ પૂરા પાડે છે. બીજીએલના એસકેયુ સલૂનમાં ઉપયોગ માટેની ટ્રીટમેન્ટ તેમજ ગ્રાહકો દ્વારા સારવાર બાદ ઘરે ઉપયોગ કરી શકાય તેવી પ્રોડક્ટ્સને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યા છે. કંપની શેમ્પૂ, કન્ડિશનર, સ્ટાઈલિંગ પ્રોડક્ટ્સ, સ્કાલ્પ કેર સોલ્યુશન્સ અને હેર ટ્રીટમેન્ટ પ્રોડક્ટ્સ સહિતની મુખ્ય કેટેગરીમાં પ્રોડક્ટ્સ ઓફર કરે છે. પોતાના સલૂન નેટવર્ક દ્વારા કંપનીએ દેશના ૨૭૨ શહેરોમાં હાજરી ઊભી કરી છે અને તેની ડિસ્ટ્રીબ્યુશન ચેનલ મારફતે ૧૩,૦૪૪થી વધુ સલૂન સુધી પહોંચ બનાવી છે. કંપની પાસે ૧૩૩ પ્રોડક્ટ્સ ઉપલબ્ધ છે અને તેના એસકેયુની સરેરાશ વેચાણ કિંમત રૂા.૨,૯૫૧ છે.

આ ઈશ્યૂ માટે સિસ્ટમેટિક્સ કોર્પોરેટ સર્વિસીસ લિમિટેડ એકમાત્ર બુક રનિંગ લીડ મેનેજર છે, જ્યારે બિગશેર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ આ ઓફરના રજિસ્ટ્રાર છે.

## ઈન્ડિયન આર્મીની બે વિશેષ ટીમો શહેરમાં પહોંચી

# પૂરની આશંકા વચ્ચે સુરતને આર્મીનો સહારો

**આ ટીમો સાથે વિશેષ રેસ્ક્યુ વાહનો, ઈન્ફલેટેબલ બોટ, લાઈફ જેકેટ, દોરડા, બચાવ સાધનો અને અન્ય આવશ્યક સામગ્રી પણ લાવવામાં આવી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત,તા.૩૧

સુરતમાં વરસાદનું જોર ફરી વધતાં અને ભેદવાડ ખાડીએ ડેન્જર લેવલ વટાવી દેતાં શહેરમાં પૂરનો ખતરો વધુ ગંભીર બન્યો છે. હવામાન વિભાગના રેડ એલર્ટ વચ્ચે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘૂસવાની આશંકાને પગલે સમગ્ર વહીવટી તંત્ર હાઈ એલર્ટ પર મૂકાયું છે. સંભવિત પૂર જેવી સ્થિતિને પહોંચી વળવા ઈન્ડિયન આર્મીની બે વિશેષ ટીમો રેસ્ક્યુ વાહનો, બોટ અને આધુનિક બચાવ સાધનો સાથે સુરત પહોંચી ગઈ છે. લીંબાયત વિસ્તારમાં આ ટીમોને તૈનાત કરવામાં આવશે.

સુરતમાં સતત વરસાદ અને ઉપરવાસમાં વરસી રહેલા ભારે વરસાદને કારણે શહેરની ખાડીઓના જળસ્તરમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ભેદવાડ ખાડીએ ડેન્જર લેવલ વટાવી દેતાં નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાન વિભાગે આગામી કલાકોમાં પણ અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરતાં સમગ્ર વહીવટી તંત્ર સંપૂર્ણ સતર્ક થઈ ગયું છે.સંભવિત પૂર અને બચાવ કામગીરીને ધ્યાનમાં રાખીને ઈન્ડિયન આર્મીની બે વિશેષ ટીમો સુરત પહોંચી ગઈ છે. આ ટીમો સાથે વિશેષ રેસ્ક્યુ વાહનો, ઈન્ફલેટેબલ બોટ, લાઈફ જેકેટ, દોરડા, બચાવ સાધનો અને અન્ય આવશ્યક સામગ્રી પણ લાવવામાં આવી છે. પૂર જેવી સ્થિતિ સર્જાય તો પાણીમાં ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા, રાહત સામગ્રી પહોંચાડવા અને બચાવ કામગીરી ઝડપથી શરૂ કરી શકાય તે માટે આ ટીમોને તૈયાર રાખવામાં આવી છે.

મળતી માહિતી મુજબ આર્મીની ટીમોને પ્રાથમિક તબક્કે લીંબાયત વિસ્તારમાં તૈનાત કરવામાં આવશે. લીંબાયત ઉપરાંત ખાડી કાંઠાના અને નીચાણવાળા અન્ય વિસ્તારોમાં પરિસ્થિતિ ગંભીર બનશે તો ત્યાં પણ આર્મીની ટીમોને તાત્કાલિક મોકલવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર, સુરત પાલિકા, ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ, એનડીઆરએફ અને એસડીઆરએફ સાથે સંકલન કરીને આર્મી બચાવ કામગીરી હાથ ધરશે. શહેરની ભેદવાડ, મીઠી, કાંકરા, ભાઠેના અને સીમાડા સહિતની તમામ મુખ્ય ખાડીઓના જળસ્તર પર સતત નજર રાખવામાં આવી રહી છે. અગાઉ ભારે વરસાદ દરમિયાન ડેન્જર લેવલ પહેલાં જ કેટલીક ખાડીઓ ઓવરફ્લો થતાં અનેક વિસ્તારોમાં પાણી ફરી વળ્યું હતું. આ વખત ખાડીઓના જળસ્તરમાં વધારો થતાં નીચાણવાળા વિસ્તારોના રહેવાસીઓને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે.

સુરત પાલિકા દ્વારા તમામ ઝોનમાં કંટ્રોલ રૂમ ૨૪ કલાક કાર્યરત રાખવામાં આવ્યા છે. ડીવોટરિંગ પંપ, જેસીબી, ટ્રેક્ટર, બોટ, ફાયર બ્રિગેડની ટીમો અને અન્ય બચાવ સાધનોને સ્ટેન્ડબાય પર રાખવામાં આવ્યા છે. જરૂરી પડે તો અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર કરીને તેમને રાહત કેન્દ્રોમાં ખસેડવાની પણ સંપૂર્ણ તૈયારી કરવામાં આવી છે. વહીવટી તંત્રે નાગરિકોને અતિઆવશ્યક કામ સિવાય ઘરની બહાર ન નીકળવા, પાણી ભરાયેલા રસ્તાઓ, નાળા અને ખાડીઓની નજીક જવાનું ટાળવા તેમજ અફવાઓથી દૂર રહી માત્ર સત્તાવાર સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે. આગામી ૨૪થી ૪૮ કલાક સુરત માટે અત્યંત મહત્વના માનવામાં આવી રહ્યા હોવાથી સમગ્ર તંત્ર કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા યુદ્ધના ધોરણે તૈયાર હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

# વાપી ખાતે મહિલા પતંજલિ યોગ સમિતિ દ્વારા સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન સેમિનાર યોજાયો





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૧**

મહિલા પતંજલિ યોગ સમિતિ, વાપી દ્વારા ગુજરાત સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવાના હેતુથી એક વિશેષ સેમિનારનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૦૦ વાગ્યે વાપી સ્થિત 'પ્રભુ ઉપવન' ખાતે યોજાયો હતો.

આ સમગ્ર સેમિનારનું આયોજન મહિલા પતંજલિ યોગ સમિતિના દક્ષિણ ગુજરાતના રાજ્ય કારોબારી સમિતિના સભ્ય શીલા વાશીના નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્થાનિક મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે વાપી નોટિફાઇડ એરિયાના જનરલ સેક્રેટરી વિમલભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં ગુજરાત સરકારની વિવિધ સરકારી યોજનાઓ અને તેનાથી મળતા લાભો વિશે ઉપસ્થિત મહિલાઓને વિગતવાર અને ઉપયોગી માહિતી પૂરી પાડી હતી.

આ ઉપરાંત, સીએચસી (CHC) વલસાડના વક્તા મનીષભાઈ પ્રજાપતિએ વિવિધ કલ્યાણકારી યોજનાઓના યોગ્ય અને અસરકારક અમલીકરણ અંગે મૂલ્યવાન માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

લાભાર્થી મહિલાઓને યોજનાઓનો સીધો અને ઝડપી લાભ મળી રહે તે માટે આયોજકો દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્થળ પર જ અન્ય અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા, જેમણે મહિલાઓને અરજી ફોર્મ ભરવામાં પ્રત્યક્ષ મદદ કરી હતી.

કાર્યક્રમમાં અતિથિ અને વક્તા તરીકે ઉપસ્થિત રહેલા જાણીતા એડવોકેટ, નોટરી તેમજ સમાજસેવિકા રશ્મિકાબેને મહિલાઓને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે પોતાના વ્યાવસાયિક અનુભવોના આધારે જણાવ્યુ હતું કે, મહિલાઓએ પોતાની અંદર રહેલી ક્ષમતાઓ ઓળખીને તથા નિષ્ઠાવાન પ્રયાસો દ્વારા સ્વાવલંબી અને આત્મનિર્ભર બનવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

આ સેમિનારના માધ્યમથી સરકારી યોજનાઓની માહિતી ઘર-ઘર સુધી પહોંચાડવાનો એક સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ, ધરમપુર દ્વારા ગુરુપૂર્ણિમા મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૧**

શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ, ધરમપુરના ઉપક્રમે શ્રી રામકૃષ્ણ ધ્યાન મંદિર ખાતે પવિત્ર ગુરુપૂર્ણિમા મહોત્સવની વિવિધ ધાર્મિક કાર્યક્રમોના સથવારે ભક્તિભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ આધ્યાત્મિક ઉલ્લાસ અને ગુરુભક્તિના પવિત્ર વાતાવરણથી તરબોળ રહ્યો હતો.



કાર્યક્રમ દરમિયાન શ્રી રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ, વડોદરાના પૂજ્ય સ્વામી સુવિજ્ઞેયાનંદજી મહારાજનું પાવન સાનિધ્ય પ્રાપ્ત થયું. મહારાજે પોતાના પ્રેરણાદાયી અને સરગર્ભિત પ્રવચનમાં ગુરુપૂર્ણિમાના આધ્યાત્મિક મહત્ત્વ, ગુરુ-શિષ્ય પરંપરાનું ગૌરવ તથા જીવનમાં સદ્‌ગુરુના માર્ગદર્શનની અનિવાર્યતા વિષે સુંદર વિચારો રજૂ કર્યા હતા. તેમણે શ્રી રામકૃષ્ણ, માં શારદાદેવી અને સ્વામી વિવેકાનંદના આદર્શોને જીવનમાં ઉતારી આત્મિક વિકાસ તરફ આગળ વધવા માટે સૌને પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમોમાં ધરમપુર, વલસાડ તથા આસપાસના વિસ્તારોમાંથી ૧૮૦ થી વધુ ઠાકુરભક્તો ઉમંગભેર જોડાયા હતા. કાર્યક્રમના અંતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

# વાપી આર. કે. દેસાઈ કોલેજ એન્ડ સ્કૂલમાં ગુરુ પૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરાઈ






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૧**

આજે આર.કે. દેસાઈ કોલેજ એન્ડ સ્કૂલમાં ગુરુ પૂર્ણિમા પર્વની ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય તથા ગુરુવંદના સાથે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગુરુના મહિમા પર આધારિત પ્રાર્થના, ગીત, વક્તવ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ ગુરુનું જીવનમાં રહેલું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, ગુરુ માત્ર જ્ઞાન જ નહીં, પરંતુ જીવનમાં સારા સંસ્કાર, મૂલ્યો અને સાચા માર્ગદર્શનનું પણ પ્રેરણાસ્ત્રોત છે. ગુરુના માર્ગદર્શનથી જ વ્યક્તિ પોતાના જીવનમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે.

ગુરુ પૂર્ણિમાના પાવન અવસરે સંસ્થામાં બી.એડ.ના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓના પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓ માટે પોસ્ટર મેકિંગ તથા જયા પાર્વતી વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વિજેતા સ્પર્ધકોને અભિનંદન પાઠવી પ્રમાણપત્રો અને ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કલ્ચરલ કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસ ડિરેક્ટર ડો.મિત્તલ શાહ તેમજ વિવિધ વિભાગના પ્રિન્સિપલો, હેડ અને અધ્યાપકો દ્વારા આશીર્વાદ આપી અભિનંદન પાઠવ્યા હતા.

# અતુલ ફાઉન્ડેશન દ્વારા પૂરગ્રસ્ત પરિવારોને રાહત સામગ્રીનું વિતરણ કરી માનવસેવાની અનોખી મિસાલ રજૂ કરી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૧**



વલસાડ જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે અનેક નદીઓમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી, જેના પરિણામે અનેક ગામોના લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. આવા કપરા સમયે અતુલ ફાઉન્ડેશન દ્વારા અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત પહોંચાડવા માટે માનવતાભર્યું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. ફાઉન્ડેશને હરિયા, ભગોદ, બીનવાડા તથા વલસાડ શહેરના પૂરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી જરૂરિયાતમંદ પરિવારોને રાહત સામગ્રીનું વિતરણ કર્યું હતું.

સંસ્થાના કાર્યકરો અને સ્વયંસેવકો દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી જરૂરી જીવનોપયોગી સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું. રાહત સામગ્રીમાં ૫૧૭૪ ફૂડ પેકેટ્સ ૪૫૦ અનાજની કીટ, ૫૦ ધાબળા, ૬૬૮ પાણીની બોટલ તથા શાળાનાં બાળકો માટે સ્ટેશનરી કીટ જેવી આવશ્યક ચીજવસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ઉપરાંત જરૂરિયાતમંદ લોકોને શક્ય તેટલી અન્ય જરૂરી સહાય પણ પૂરી પાડવામાં આવી. જેથી મુશ્કેલ પરિસ્થિતિમાં તેમને તાત્કાલિક રાહત મળી રહે. અતુલ કંપની અને અતુલ ફાઉન્ડેશનના અધિકારીઓ, કર્મચારીઓ અને સ્વયંસેવકોએ અસરગ્રસ્ત વિસ્તારોમાં જઈ લોકોને જરૂરી સહાય પહોંચાડવામાં સક્રિય ભૂમિકા ભજવી હતી.

અતુલ કંપનીનાં જનરલ મેનેજર શ્રી ગૌતમભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, કુદરતી આપત્તિના સમયે સમાજના દરેક વર્ગે માનવતાના ભાવ સાથે આગળ આવી જરૂરિયાતમંદોની મદદ કરવી એ સૌની નૈતિક જવાબદારી છે. સંસ્થા આગામી દિવસોમાં પણ પરિસ્થિતિ પર સતત નજર રાખીને જરૂરિયાત મુજબ રાહત અને પુનર્વસનના કાર્યો ચાલુ રાખશે. કુદરતી આપત્તિના સમયે સમાજના દરેક વર્ગ સુધી સમયસર મદદ પહોંચે તે માટે અતુલ ફાઉન્ડેશન હંમેશા પ્રતિબદ્ધ છે.

સ્થાનિક લોકો અને અસરગ્રસ્ત પરિવારો દ્વારા સંસ્થાની સેવાભાવી કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી તથા મુશ્કેલીના સમયમાં મળેલી મદદ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# વાપી સમર્પણ જ્ઞાન સ્કૂલમાં ગુરુ પૂર્ણિમાની ભક્તિમય ઉજવણી








**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૧**

વાપી ખાતે આવેલ સમર્પણ જ્ઞાન સ્કૂલમાં ગુરુ પૂર્ણિમા પર્વની ઉજવણી શ્રદ્ધા, ભક્તિ અને સંસ્કારના માહોલમાં કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત માઁ સરસ્વતીના પૂજન અને આરતી સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ પોતાના ગુરુજનોનું પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા અને ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરી. આ પ્રસંગે વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક મૂલ્યો પ્રત્યે જાગૃતિ લાવવા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓ માટે શ્લોક ગાયન સ્પર્ધા યોજાઈ હતી, જ્યારે ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ભગવદ્ ગીતા શ્લોક ગાયન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ વિદ્યાર્થીઓએ આત્મવિશ્વાસપૂર્વક અને ભાવપૂર્વક શ્લોકોનું પઠન કરી સૌને મંત્રમુગ્ધ કર્યા. શાળાના શિક્ષકોએ ગુરુના મહિમા અને ભારતીય સંસ્કૃતિમાં ગુરુના સ્થાન વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિ, શિસ્ત અને સંસ્કારનું સુંદર વાતાવરણ સર્જાયું હતું. શાળાના ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યશ્રી તથા શિક્ષકમિત્રોએ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના સર્વાંગી વિકાસ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમના સફળ આયોજન માટે શિક્ષકગણ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો હતો.

# વાપી કેબીએસ એન્ડ નટરાજ કોલેજમાં એનએસએસ યુનિટ દ્વારા ગુરુ પૂર્ણિમાની આદર પૂર્વક કરાયેલી ઉજવણી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૧**




કેબીએસ કોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સ કોલેજ, વાપીના એનએસએસ યુનિટે કોલેજ ઓડીટોરીયમમાં ગુરુ પૂર્ણિમાની ખૂબ જ ભક્તિ અને ઉત્સાહ સાથે ઉજવણી કરી હતી. વિદ્યાર્થીઓના જીવન અને ચારિત્ર્ય ઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞતા અને આદર વ્યક્ત કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉજવણીની શરૂઆત પરંપરાગત વિધિવત દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી. ત્યારબાદ સદર કોલેજના ગુરુઓને એનએસેસ સ્વયંસેવકોએ સ્વહસ્તે બનાવેલ સ્મૃતિભેટ આપીને સન્માન કરવામાં આવ્યા હતા.

એનએસએસ સ્વયંસેવકોએ ભાષણો દ્વારા ગુરુ પૂર્ણિમાના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. જેમાં માર્ગદર્શક અને જ્ઞાનના સ્ત્રોત તરીકે શિક્ષકોના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. સભાને સંબોધતા, પ્રિન્સિપાલ ડો.પૂનમ બી. ચૌહાણે વિદ્યાર્થીઓને શિસ્ત, સમર્પણ અને જીવનભર શિક્ષણના મૂલ્યોને જાળવી રાખવા પ્રેરણા આપી હતી. તેમણે ભાર મૂક્યો હતો કે સાચા ગુરુ માત્ર જ્ઞાન જ આપતા નથી પરંતુ ચારિત્ર્યનું પોષણ પણ કરે છે અને વ્યક્તિઓને જવાબદાર નાગરિક બનવા માટે પ્રેરણા આપે છે. એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો.ખુશ્બુ દેસાઈએ સ્વયંસેવકોને રાષ્ટ્રીય સેવા યોજનાની સાચી ભાવનાને પ્રતિબિંબિત કરીને નિઃસ્વાર્થ સેવા, પ્રામાણિકતા અને સમાજ પ્રત્યે પ્રતિબદ્ધતા દ્વારા તેમના ગુરુઓના ઉપદેશોને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમનું સંચાલન તેમજ વ્યવસ્થા કોલેજના એનએસએસ યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડો.ખુશ્બુ દેસાઈ તેમજ તેમની ટીમ અને સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. આમ સમગ્ર કાર્યક્રમ સફળ રહેતા કોલેજના આચાર્ય ડો.પૂનમ બી. ચૌહાણે દરેક ગુરુઓના આદર માટે એનએસએસ સ્વયંસેવકોનો આભાર માની સેવા અને નૈતિક આચરણ દ્વારા સમાજમાં સકારાત્મક યોગદાન આપવા માટે શુભેચ્છા પાઠવી હતી.

# કરમબેલે કચીગામ રોડનું સમારકામ






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૩૦**

વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદના કારણોસર નુકસાન થયેલા માર્ગોને યુધ્ધના ધોરણે સમારકામ કરવામાં આવી રહ્યું છે ત્યારે ઉમરગામ તાલુકાના કરમબેલી - અચ્છારી - બોરીગામ - કચીગામ રોડ કિમી. ૦/૦ થી ૬/૬ પર અતિભારે વરસાદને કારણે થયેલા ધોવાણ બાદ, વલસાડ (માર્ગ અને મકાન) વિભાગ (રાજ્ય), વલસાડ દ્વારા સાઇડ સોલ્ડર પુરાણ અને મરામતની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી પૂર્ણ થતાં આ વાહનવ્યવહાર સુરક્ષિત અને સુગમ બન્યો છે તથા સ્થાનિક નાગરિકોને અવરજવરમાં નોંધપાત્ર રાહત મળી છે.

# વલસાડમાં તા.૪ ઓગસ્ટના રોજ મહિલા રોજગાર મેળાનું આયોજન: ૪૧૦ જગ્યાઓ પર થશે સીધી ભરતી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૩૧**

મિશન શક્તિ અને નારી વંદન ઉત્સવ અંતર્ગત મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી નિમિત્તે વલસાડ જિલ્લામાં મહિલાઓ માટે વિશેષ રોજગાર અને સ્વરોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા રોજગાર કચેરી અને મહિલા અને બાળ અધિકારીની કચેરી, વલસાડ દ્વારા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમના સહયોગથી તા.૦૪/૦૮/૨૦૨૬ મંગળવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે યોજાશે. ભરતી મેળાનું સ્થળ પ્રજાપતિ વાડી, શ્રી પ્રજાપતિ સમાજ ઉત્કર્ષ મંડળ-પારડી, નેશનલ હાઈવે ૪૮ની બાજુમાં, સદ્‌ગુરુ સોસાયટી, તાલુકો પારડી રાખવામાં આવ્યું છે.

આ મેળામાં જિલ્લાની ૭ જેટલી નામાંકિત કંપનીઓ દ્વારા કુલ ૪૧૦ ખાલી જગ્યાઓ માટે સીધી ભરતી કરવામાં આવશે. જેમાં ધોરણ ૫ પાસથી લઈને ગ્રેજ્યુએટ તેમજ ITI પાસ ફ્રેશર અને અનુભવી મહિલાઓ માટે રોજગારીની સુવર્ણ તક છે. વેલસ્પન લિવિંગ લિમિટેડ, ક્રિએટિવ ગાર્મેન્ટ્સ, LIC ઓફ ઈન્ડિયા, મશરૂ ગાર્મેન્ટ્સ, બૈજય ઈન્ટરનેશનલ, ક્રક્સ ફાર્મા અને ઈન્ડસઈન્ડ નિપ્પોન લાઈફ ઈન્સ્યોરન્સ જેવી કંપનીઓમાં મશીન ઓપરેટર, ટેલર, સુપરવાઇઝર, ડેટા એન્ટ્રી ઓપરેટર અને લાઈફ પ્લાનિંગ ઓફિસર જેવી વિવિધ પોસ્ટ માટે પસંદગી કરવામાં આવશે. સૌથી વધુ ૨૦૦ જગ્યાઓ વેલસ્પન લિવિંગ લિમિટેડમાં અને ૧૦૦ જગ્યાઓ ક્રિએટિવ ગાર્મેન્ટ્સમાં ઉપલબ્ધ છે.

રોજગાર મેળવવા ઈચ્છુક તમામ મહિલાઓએ પોતાના જરૂરી શૈક્ષણિક પ્રમાણપત્રો સાથે નિયત સમયે ઉપસ્થિત રહેવા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

આમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ
તંત્રી લેખ

# પરીક્ષાનાં પેપર લીક કરનારાને દસ વર્ષની કેદ અને એક કરોડ રૂપિયાના દંડની સજાની જોગવાઈ

**ખરડો હોવા છતાં પેપર લીક થયાં હતાં ત્યારે હવે નવા કાયદાને વધુ અસરકારક બનાવવા માટે સરકારે હવે ઔર વધુ સઘન વ્યવસ્થા ઊભી કરવા પર પણ ધ્યાન આપવાની જરૂરત રહેશે, કારણ કે આ ખરડાથી પેપર લીક કરનાર અને અસામાજિક તત્ત્વોમાં ભય ઊભો થશે એવી આશા વ્યક્ત થઈ રહી છે**

લોકસભામાં પરીક્ષાના પેપર લીક વિરોધી ખરડાને પસાર કરાવીને સરકારે નીટ પરીક્ષાના મામલે કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) નેજા હેઠળના આંદોલનકારીઓને આપેલાં વચનનું પાલન કરી બતાવ્યું છે. જંતરમંતર પરનાં આંદોલનને સમેટવાના બદલામાં અપાયેલાં વચનના પાલનમાં સરકારે ભારે ઝડપ બતાવી છે. પરીક્ષાના પેપર લીક વિરોધી આ ખરડાનો તાબડતોબ મુસદ્દો તૈયાર કરીને તેને લોકસભામાં અસાધારણ ઝડપે પસાર કરાવીને સરકારે પોતાની વચનબદ્ધતા બતાવી આપી છે. લોકસભાએ બુધવારે લોક પરીક્ષા (ગેરરીતિ નિવારણ) સુધારા ખરડો ૨૦૨૬ પસાર કર્યો હતો. સરકારે ચાવીરૂપ પ્રવેશ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની વ્યવવસ્થાને સુધારવાના ઉદ્દેશ સાથે આ ખરડો લાવીને આવી છે. પરીક્ષાનાં પેપર લીક કરનારાને દસ વર્ષની કેદ અને એક કરોડ રૂપિયાના દંડની સજાની જોગવાઈ ધરાવતા આ ખરડાથી આવા અસામાજિક તત્ત્વોમાં ભય ઊભો થશે એવી આશા વ્યક્ત થઈ રહી છે. વક્રતા એ છે કે, નવા ખરડા પર લોકસભામાં ચર્ચા દરમ્યાન શિક્ષણ વ્યવસ્થાને વધુ પારદર્શક બનાવવા અને તેમાં ખામીઓને દૂર કરવાનાં સૂચન સંસદ સભ્યો પાસેથી આવશે એવી અપેક્ષા કમનસીબે ફળીભૂત થઈ શકી નહીં. સામાન્ય પ્રણાલી એવી રહેતી હોય છે કે, કોઈપણ ખરડા પરની ચર્ચામાં તેમાં કોઈ ખામી હોય તો તેમાં સુધારની હિમાયત થતી હોય છે, પણ આ વખતે ખરડા પરની ચર્ચામાં વિપક્ષ અને સત્તાધારી પક્ષ વચ્ચેના વિવાદે આ જવાબદારી વિસરાવી દીધી હતી. મોટાભાગે સંસદમાં કોઈપણ ચર્ચા દરમ્યાન મૂળ મુદ્દાને વિસરી જઈને અન્ય બાબતો પર સરકારની સામે આરોપો મૂકતા રહેતા વિપક્ષી સભ્યો પેપર લીક ખરડામાં પણ તેનું પુનરાવર્તન કરીને આ મહત્ત્વની ચર્ચાને આડે પાટે ચડાવી દીધી હતી. જો કે, હવે આ ખરડો લોકસભાએ પસાર કરી દીધો છે અને રાજ્યસભાએ પણ પસાર કરી દેતાં પેપર લીક કરનારા સામે કડક સજાની જોગવાઈનો કાયદો બની જશે. મહત્ત્વની બાબત એ છે કે, અત્યારે પણ આવો કાયદો અમલી છે અને તેમાં હવે સજા વધારવાની જોગવાઈ કરાઈ છે. સરકારે લોકસભામાં સ્વીકાર કર્યો છે કે, આ સંદર્ભનો કાયદો એમ તો છેક ૨૦૨૪થી અમલી છે. તે પછી પણ પેપર લીકની પર ફરિયાદો પોલીસ ચોપડે નોંધાઈ છે. હવે આ રોકવા સુધારા ખરડો લવાયો હોવાનું સરકારે લોકસભામાં સ્વીકાર્યું છે. જો કે, એક વાત ગંભીર છે કે, આવો ખરડો હોવા છતાં પેપર લીક થયાં હતાં ત્યારે હવે નવા કાયદાને વધુ અસરકારક બનાવવા માટે સરકારે હવે ઔર વધુ સઘન વ્યવસ્થા ઊભી કરવા પર પણ ધ્યાન આપવાની જરૂરત રહેશે. પેપર લીકના કોઈપણ કેસમાં જવાબદારોને મજબૂત પુરાવા સાથે ઝડપી લઈને તેમની સામે કોઈપણ છટકબારીની તક વગરનો કેસ તૈયાર કરવા માટે સક્ષમ તંત્ર અનિવાર્ય બની જાય છે. મજબૂત પુરાવા સાથેનો કેસ હશે તો જ ગુનેગારોને કડક સજાનો કાયદો કામ લાગી શકશે. હાલે કાયદો હોવા છતાં ગુનેગારો છટકબારી શોધી લેતા હોય છે તે રોકવા માટે પણ પૂરતી કડકાઈ જાળવવી કાયદા જેટલી જ જરૂરી છે. આમ થશે તો પેપર લીકના દોષીઓમાં કાયદાનો સાચો ડર ઊભો થશે.

# ૧ ઓગસ્ટથી ૭ ઓગસ્ટ, 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'

## માતાનું દૂધ એક સંપૂર્ણ આહાર છે, જેમાં બાળકની જરૂરિયાતના તમામ પોષક તત્વો યોગ્ય પ્રમાણમાં હોય છે જેને શિશુ સરળતાથી પચાવી શકે છે

સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧ ઓગસ્ટથી ૭ ઓગસ્ટ દરમિયાન 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' મનાવવામાં આવે છે. દુનિયાભરમાં શિશુઓનાં આરોગ્યમાં સુધારા અને સ્તનપાનને પ્રોત્સાહિત કરવાના હેતુ સાથે આ સપ્તાહ મનાવાય છે. માતાનું દૂધ એક સંપૂર્ણ આહાર છે, જેમાં બાળકની જરૂરિયાતના તમામ પોષક તત્વો યોગ્ય પ્રમાણમાં હોય છે. જેને શિશુ સરળતાથી પચાવી શકે છે. ભારતીય સંસ્કૃતિમાં ગાયને પણ માતા કહી છે. પ્રાચીનકાળમાં ભગવાન શ્રી કૃષ્ણ ગાયનું દૂધ સીધું જ દોહીને પીતા હતા. એવી જ રીતે થોડા વર્ષો પૂર્વેની જ વાત કરીએ તો મોટા ભાગે લોકો ગામડામાં રહેતા અને તેમના ઘરમાં જ ગાય રહેતી હતી જેના કારણે તેમને ચોખ્ખું દૂધ મળી રહેતું હતું. ભારતના ગામડાઓમાં આજે પણ ઘણી જગ્યાએ લોકો આવી જ રીતે ગાયનું દૂધ સીધું જ દોહીને પીતા હોય છે. દેશી કુળની ગાયનું દૂધ પીવાના ઘણા ફાયદા થાય છે. પ્રાચીન કાળથી ગાયનો મહિમા અપરંપાર છે કહેવાતું હતું કે આપણા દેશમાં દુધની ગંગાઓ વહેતી હતી. ગાયનું દૂધ અનમોલ તો હોય જ છે પણ તેમાં પણ ગીર ગાયનું દૂધ સર્વશ્રેષ્ઠ છે. પણ આધુનીકીકરણને કારણે સાત્વિકતા ઘટતી જાય છે ને ગાયોની ઉપેક્ષાવધતી જાય છે. વેદપુરાણોમાં ગાયને કામધેનું કહેવાય છે કેમ કે તે મરે ત્યાં સુધી દૂધ આપતી રહે છે. ગાયનાં દૂધનાં અનેક ફાયદાઓ છે જેનો આધાર પણ વૈજ્ઞાનિક છે.

**૧. સ્નાયુની મજબૂતાઈ**

આપણે ભારતમાં પરંપરા છે કે આપણે શિશુઓ અને બાળકોને કાચું દૂધ આપીએ છીએ. જીવનના પ્રારંભિક તબક્કે તંદુરસ્ત સ્નાયુ બનાવવી ક્રિયા થવી ખૂબ જરૂરી છે. સ્નાયુ મજબૂતાઈ માટે દૂધ શ્રેષ્ઠ ખોરાક છે. દૂધ ૨૦% વ્હેય (whey) અને ૮૦% કેસિન (casein) પ્રોટીન છે, બંને સ્નાયુઓના નિર્માણ માટે જવાબદાર છે.

**૨. સ્લીપ બૂસ્ટર!**


દૂધમાં ટ્રિપ્ટોફેન છે જે એમિનો એસિડ છે. ટ્રિપ્ટોફેન સુસ્તીનું કારણ બને છે તેનો અર્થ એ છે કે તમે ઊંઘ અનુભવશો! તેથી સુતા સમય પહેલાં ગરમ દૂધ ગ્લાસ ઊંઘ ની મજબૂત કિક આપે છે.

**૩. હાડકાં મજબુત બનાવે છે.**

મજબૂત હાડપિંજર જીવન જીવવા માટે જરૂરી છે. શરીર ને તંદુરસ્ત શરીર ત્યારે કહેવામાં આવે છે જો તમારું હાડપિંજર રોજબરોજ કાર્ય કરે. હાડપિંજરને કેલ્શિયમને પસંદ છે! અને દૂધ કેલ્શિયમનો અત્યંત સમૃદ્ધ સ્રોત છે, તમારા દાંતને કેલ્શિયમની જરૂર છે. દૂધના કપમાં ૨૭૬ ૩૦૦ મિલિગ્રામ (એમજી) કેલ્શિયમ છે. દૈનિક ધોરણે પુરુષો/સ્ત્રીઓમાં ૧૦૦૦ એમજી કેલ્શિયમ હોવું જોઈએ.

**૪. મગજ શક્તિ વધે છે**

સંશોધન બતાવે છે કે દૂધ મગજના જ્ઞાનાત્મક કાર્યને સુધારે છે. દૂધ વિટામિન બી ૧૨નો સ્રોત છે, તેમાં બી ૧૨ સારા એવા પ્રમાણમાં હોય છે આમ દૂધ શાકાહારી લોકો



માટે વરદાન છે. મગજની શક્તિ અને જ્ઞાનાત્મક કાર્ય માટે વિટામિન બી ૧૨ આવશ્યક છે, તે અલ્ઝાઈમર રોગને અટકાવવામાં મદદ કરે છે. તમારા મગજ માટે, કૃપા કરીને દૈનિક ઓછામાં ઓછું ૧ કપ દૂધ પીવો!

**૫. હાર્ટ એટેકથી બચાવે છે**

ગાય ઓમેગા ૩ ફેટી એસિડનું ઊંચું મૂલ્ય ધરાવે છે. ઓમેગા ૩ એચડીએલ (HDL) કોલેસ્ટેરોલ વધારે છે જે 'સારા' કોલેસ્ટેરોલ તરીકે ઓળખાય છે. ઓમેગા ૩ હાનિકારક રક્ત ગંઠાઈ જવાથી અટકાવે છે. ઓમેગા ૩ હાઈ બ્લડ પ્રેશરવાળા લોકોના બ્લડ પ્રેશર સ્તર ઘટાડે છે. ટૂંકમાં, દૂધમાં આવા તત્ત્વો છે જે હૃદય માટે ખૂબ જ સારા છે.

**૬. એસીડીટી મટાડે છે**

ગાયના દૂધમાં ઓમેગા ૩, એન્ટીઑક્સિસડન્ટ સંયોજનો અને પ્રોટીન જેવા પદાર્થો છે જે એસીડીટી મટાડે છે.

**૭. શરીરની ચરબી ઘટાડે છે (વજન)**

દૂધમાં લિનોલીક એસિડ (સીએલએ) છે જે શરીરમાં ચરબી બાળે છે. ડેરી કેલ્શિયમ પણ શરીરમાં વજન ઘટાડે છે. દૂધમાં વિટામીન ડી હોય છે, જે ચરબીને બાળવામાં મદદ કરે છે.

**૮. કેન્સરનું જોખમ ઘટાડે છે**

દૂધમાં એન્ટિકેન્સર એજન્ટો હોય છે જે કેન્સર કોશિકાઓના વિકાસને અટકાવે છે. કેટલાક સંશોધન સૂચવે છે કે દૂધનો નિયમિત વપરાશ કેન્સર અટકાવે છે. ઑટોગો યુનિવર્સિટીનું સંશોધન અને તેના પરિણામ કહે છે કે દૂધના દૈનિક વપરાશથી આંતરડાના કેન્સરનું જોખમ ૩૦% જેટલું ઓછું થઈ ગયું છે. ઘણા અભ્યાસોએ જણાવ્યું છે કે ઓછી ચરબીવાળા દૂધથી અંડાશયના કેન્સરનું જોખમ ઓછું થયું છે. દૂધમાં રહેલું સીએલએ કન્જેજ્યુટેડ લિનોલિક એસિડ એન્ટી કેન્સર એજન્ટ માટે જાણીતું છે.

**૯. ત્વચાનો મિત્ર**

પ્રાચીન સમયથી સ્ત્રીઓ ચમકતી ચામડી માટે દૂધનો ઉપયોગ કરે છે, આજના સમયમાં પણ લોકો હળદરની પેસ્ટ અને દૂધને ચેહરા પાર ચમકતી ચામડી માટે લગાવે છે. પ્રાચીન સમયમાં રાણીઓ અને અન્ય ઉજવણી કરનારા મહિલાઓ દૂધથી સ્નાન કરતી! દૂધ તેમની સુંદરતા માટે જવાબદાર હતું. દૂધમાં લેક્ટિક એસિડ મૃત ત્વચા દૂર કરે છે.

**૧૦. મેમરી, શક્તિ અને બુદ્ધિ**

આયુર્વેદ અનુસાર ગાયના દૂધમાં ઓજ (શક્તિ) વધારવાનું શ્રેષ્ઠ દ્રવ્ય છે. સારા આરોગ્ય અને યાદશક્તિ માટે ગાય દૂધ શ્રેષ્ઠ છે. ગાયનું દૂધ મગજના એવા પ્રદેશો વિકસાવવા માટે મદદ કરે છે જે મેમરી અને બુદ્ધિ માટે જવાબદાર છે.

**- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# ગુજરાતમાં હવે મહેસૂલ વિભાગ હસ્તક વર્ગ-૩ના કર્મચારીઓની આંતરિક બદલી કલેક્ટર કરી કરશે

## ગુજરાત સરકારે કલેક્ટર અનિવાર્ય કે તાકીદના સંજોગોમાં બદલીની સત્તાઓ સોંપતો કરેલો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાંધીનગર,તા.૩૧:** ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ હસ્તકના ખાતાના વડાઓની કચેરીઓમાં કાર્યરત વર્ગ-૩ના કર્મચારીઓની જિલ્લા પૂરતી આંતરિક બદલી કરવાની સત્તાઓ હવે સીધી સંબંધિત જિલ્લા કલેક્ટરને પણ સોંપવામાં આવી છે. જ્યારે, જે તે ખાતાના વડાની બદલીઓ અંગેની મૂળ સત્તા યથાવત રહેશે. રાજ્યમાં જિલ્લા કક્ષાએ મહેસૂલી તંત્રનું સંપૂર્ણ દેખરેખ અને સંકલન કલેક્ટરઓ દ્વારા કરવામાં આવતું હોય છે. ઘણીવાર અનિવાર્ય કે તાકીદના સંજોગોમાં સ્થાનિક કક્ષાએ કર્મચારીઓની બદલી કરવાની પર્યાપ્ત સત્તા ન હોવાથી અરજદારોના કામો લંબાતા હતા. હવે રાજ્ય સરકારે કલેક્ટર અનિવાર્ય કે તાકીદના સંજોગોમાં બદલીની સત્તાઓ સોંપતો નિર્ણય કર્યો છે. અગાઉ કલેક્ટરને નાયબ મામલતદાર, મહેસૂલી કારકૂન અને મહેસૂલી તલાટીઓની બદલી કરવાની સત્તા હતી. હવે આ નિર્ણયના પરિણામે કલેક્ટરઓ મહેસૂલ વિભાગના અન્ય ખાતાના વડાઓની જિલ્લા તથા તાલુકા કચેરીઓમાં કાર્યરત વર્ગ-૩ના કર્મચારીઓ જેવા કે, સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧, સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૨, સિનિયર સર્વેયર, સર્વેયર અને કારકૂન વગેરેની જિલ્લા પૂરતી બદલી કરી શકશે. આ બદલીઓ જે તે ખાતાના વડાના મહેકમ પૂરતી જ સીમિત રહેશે. દા.ત. સેટલમેન્ટ કમિશનર તાબા હેઠળના સર્વેયરની બદલી તેમની જ કચેરીમાં થશે, નોંધણી સર નિરીક્ષક કે સ્ટેમ્પ ડ્યુટી કચેરીમાં કરી શકાશે નહીં. કલેક્ટર દ્વારા બદલી કરતી વખતે સંબંધિત જિલ્લા કક્ષાના વિભાગીય અધિકારી સાથે જરૂરી સંકલન કરવાનું રહેશે, જેથી કચેરીઓની રોજબરોજની કામગીરી ખોરવાય નહીં. આ બદલીઓ કરતી વખતે સામાન્ય વહીવટ વિભાગ તથા મહેસૂલ વિભાગના પ્રવર્તમાન બદલી નિયમો અને માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

# નીટ મુદ્દે ભીંસમાં આવેલી સરકાર સામે ઈથેનોલ મુદ્દે નવો પડકાર

## છેલ્લા સાડા ત્રણ વર્ષથી E-15 પ્લસ પેટ્રોલ અને અઢી વર્ષથી E-19 તથા E-20 મિશ્રિત પેટ્રોલનો દેશભરમાં વ્યાપક સ્તરે વપરાશ થઈ રહ્યો હોવાનું કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીનું રટણ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૧**

નીટ પેપર લીકના વિરોધમાં જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટીના દેખાવો અને ધર્મેન્દ્ર પ્રધાને શિક્ષણ મંત્રીપદેથી રાજીનામું આપવાની ફરજ પડયા બાદ હવે ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ મુદ્દે કેન્દ્ર સરકાર સામે નવો પડકાર ઊભો થયો છે. આમ આદમી પાર્ટી, ટેક્સી યુનિયનો સહિત અન્ય સંગઠનો ચાર ઓગસ્ટે દેખાવોની તૈયારી કરી રહ્યા છે ત્યારે સરકાર ડિફેન્સ મોડમાં આવી ગઈ છે. સરકારે ગુરૂવારે સંસદમાં જણાવ્યું હતું કે, ઈથેનોલ મિશ્રિત E-20 પેટ્રોલ એકદમ સુરક્ષિત છે. તેનાથી એન્જિનને નુકસાન થતુ હોવાના કોઈ વૈજ્ઞાનિક પુરાવા નથી.કેન્દ્ર સરકારે લોકસભામાં ગુરુવારે જણાવ્યું હતું કે ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ કાર્યક્રમનો અમલ વ્યાપક પરીક્ષણો પછી કરાયો છે. આ પરીક્ષણોમાં E-20 પેટ્રોલથી એન્જિનમાં કોઈ ખામી થવા, કાટ લાગવા અથવા વાહનની લાઈફ ઘટવા જેવી કોઈ મુશ્કેલીઓ જોવા મળી નથી. ઈથેનોલ કાર્યક્રમ દેશની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવા અને વૈશ્વિક ક્રૂડ ઓઈલ પ્રાઈસમાં ભારે ઉતાર-ચઢાવથી ગ્રાહકોને રાહત આપવા અમલમાં મૂકાયો છે.

### દેશમાં અઢી વર્ષમાં ૨૦ કરોડથી વધુ ટુ-વ્હિલર, ૩ કરોડથી વધુ કાર ઈ-૨૦ પેટ્રોલ પર ચાલ્યા પણ ઍન્જિનમાં કોઈ ખામી નહીં

કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ ગુરૂવારે કહ્યું કે, છેલ્લા સાડા ત્રણ વર્ષથી E-15 પ્લસ પેટ્રોલ અને અઢી વર્ષથી E-19 તથા E-20 મિશ્રિત પેટ્રોલનો દેશભરમાં વ્યાપક સ્તરે વપરાશ થઈ રહ્યો છે. આ સમયમાં ૨૦ કરોડથી વધુ ટુ-વ્હિલર અને ૩ કરોડથી વધુ પેટ્રોલ કારો E-20 પેટ્રોલ પર ચાલી છે. પરંતુ ઈથેનોલના મિશ્રણના કારણે એન્જિન ફેલ થવા અથવા મોટાપાયે વાહન ખરાબ થવાના કોઈ પુરાવા સામે આવ્યા નથી.સરકારે કહ્યું, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં અગ્રણી વાહન ઉત્પાદકોએ ૨.૮૪ કરોડ વાહનોની સર્વિસિંગ કરી, તેમાં ૧.૫ કરોડ જૂના વાહનનો સમાવેશ થાય છે. આ વાહનોની તપાસમાં E-20 પેટ્રોલ સંબંધિત એન્જિનને નુકસાન, કાટ લાગવો કે પાર્ટ્સને નુકસાન જેવી કોઈ સમસ્યા સામે આવી નથી. ગડકરીએ જણાવ્યું કે, ૨૦ ટકા ઈથેનોલ મિશ્રિત E-20 પેટ્રોલનો વપરાશ શરૂ કરતા પહેલા ઈંધણ સિસ્ટમ, એન્જિનની મજબૂતી, ડ્રાઈવિંગ પ્રદર્શન, વિવિધ પાર્ટ્સની કમ્પેટિબિલિટી, ઉત્સર્જન અને ગ્રાહકોની સ્વીકૃતિ જેવા બધા જ પાસાઓનું ટેસ્ટિંગ કરાયું હતું. ત્યાર પછી જ E-20 પેટ્રોલનો ઉપયોગ તબક્કાવાર અને વૈજ્ઞાનિક રીતે શરૂ કરાયો છે.નીતિન ગડકરીએ કહ્યું કે, સરકારી એજન્સીઓ અને વાહન ઉત્પાદકોના અધ્યયનો મુજબ E-10 માટે ડિઝાઈન કરાયેલા કેટલાક જૂના વાહનોમાં માઈલેજ અંદાજે બેથી ૬ ટકા ઘટી શકે છે. વધુમાં ઈન્ડિયન ઓઈલ સહિતની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ હાલમાં સમગ્ર દેશમાં E-20 પેટ્રોલ જ પૂરું પાડી રહી છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ રાજ્ય મંત્રી ગોપી સુરેશે જણાવ્યું કે, ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ કાર્યક્રમ વૈજ્ઞાનિક તપાસ અને નીતિ આયોગની મંજૂરી પછી લાગુ કરાયો છે. સુરેશ ગોપીએ કહ્યું કે, ઈથેનોલ કાર્યક્રમની સંપૂર્ણ પ્રક્રિયામાં ઓટોમોબાઈલ કંપનીઓ, ઓટો પાર્ટ્સ નિર્માતા, સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ, ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઈન્ડિયા, વાહન પરીક્ષણ એજન્સીઓ, આઈઓસી જેવી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ, ઈથેનોલ ઉત્પાદકો, ખાંડ અને અનાજ ઉદ્યોગ સહિત બધા જ સંબંધિત પક્ષોને સામેલ કરાયા હતા.

# GPSCની ૩૪ કેડરની ૧ ઓગસ્ટની પરીક્ષા મોકૂફ, હવે ૯ ઓગસ્ટે યોજાશે

## GPSC દ્વારા રાજ્યભરમાં ભારે વરસાદ અને ઉમેદવારોની વિવિધ રજૂઆતોને કારણે પરીક્ષા મોકૂફ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાંધીનગર, તા.૩૧**


ગુજરાત લોક સેવા આયોગ (GPSC) દ્વારા રાજ્યભરમાં ભારે વરસાદ અને ઉમેદવારોની વિવિધ રજૂઆતોને કારણે ૧ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ યોજાનારી ૩૪ કેડરની ભરતી પરીક્ષાઓ મોકૂફ રાખવાની સત્તાવાર જાહેરાત સોશિયલ મીડિયા મારફતે કરવામાં આવી છે. આ નિર્ણય ઉમેદવારોની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને તકેદારીના ભાગરૂપે તાત્કાલિક ધોરણે લેવામાં આવ્યો છે.

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી સર્જાયેલી તોફાની વરસાદી પરિસ્થિતિના કારણે વાહનવ્યવહાર અને મુસાફરીમાં મોટા પાયે અડચણો ઊભી થઈ છે. વિવિધ જિલ્લાઓમાંથી પરીક્ષાર્થીઓ અને વિદ્યાર્થી સંગઠનો દ્વારા આયોગને આવેદનપત્રો આપી પરીક્ષા આગળ ધકેલવા રજૂઆતો કરવામાં આવી હતી. ઉમેદવારોના બહોળા હિત અને તકેદારીને અગ્રતા આપીને જીપીએસસીએ શનિવારે લેવાનારી ૩૪ કેડરની સરકારી ભરતી પરીક્ષાઓ રદ કરવાનો મહત્વનો નિર્ણય કર્યોછે. આયોગે સ્પષ્ટતા કરીછે કે મોકૂફ રાખવામાં આવેલી આ તમામ સંબંધિત પરીક્ષાઓ હવે આગામી તારીખ ૦૯/૦૮/૨૦૨૬ ના રોજ નવી વ્યવસ્થા અને પૂર્ણ સુરક્ષા સાથે યોજવામાં આવશે. આ નિર્ણયથી દુરદૂરના વિસ્તારોમાંથી આવતા હજારો પરીક્ષાર્થીઓને મુસાફરી દરમિયાન પડનારી સંભવિત તકલીફોમાંથી મોટી રાહત મળી છે અને આયોગની આ સંવેદનશીલ કામગીરીની ઉમેદવારો દ્વારા સરાહના કરવામાં આવી છે.

જીપીએસસી દ્વારા તમામ ઉમેદવારોને આ નવી પરીક્ષા તારીખ ૯ ઓગસ્ટ ૨૦૨૬ ની તાત્કાલિક નોંધ લેવા અને તે મુજબ પોતાની તૈયારીઓ પુનઃ શરૂ કરવા અપીલ કરવામાં આવી છે. નવી તારીખ માટેના કોલ લેટર ડાઉનલોડ કરવા, સમયપત્રક અને અન્ય જરૂરી વિગતો મેળવવા માટે ઉમેદવારોને જીપીએસસી ની સત્તાવાર વેબસાઈટ પર સતત નજર રાખવા માટે જણાવવામાં આવ્યું છે.

# ટ્રમ્પનો મોટો દાવો, હમાસ અને ઈઝરાયલ વચ્ચે ઐતિહાસિક સમજૂતી, ગાઝા છોડશે IDF

## ગાઝાની સુરક્ષા આંતરરાષ્ટ્રીય સ્ટેબલાઇઝેશન ફોર્સ અને નવી પેલેસ્ટાઇન પોલીસ સંભાળશે : આ સમજૂતી ૨૦૨૬ સુધીમાં અમલમાં આવશે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૩૧**

અમેરિકી પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગાઝા યુદ્ધને લઈને એક મોટો દાવો કરવામાં આવ્યો છે. ટ્રમ્પે જણાવ્યું છે કે બોર્ડ ઓફ પીસ (Board of Peace) ની મધ્યસ્થતામાં હમાસ અને ગાઝામાં સક્રિય અન્ય તમામ સશસ્ત્ર જૂથોના પૂર્ણ નિરસ્ત્રીકરણ પર એક ઐતિહાસિક સમજૂતી સાધવામાં આવી છે. આ સમજૂતીના અમલ સાથે જ ઈઝરાયેલની સેના તબક્કાવાર રીતે ગાઝામાંથી પાછી હટશે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા જણાવ્યું કે જેમ-જેમ હમાસ અને અન્ય સંગઠનોનું નિરસ્ત્રીકરણ પૂરું થશે, તેમ-તેમ ઈઝરાયેલી સેના ગાઝામાંથી ખસતી જશે. ત્યારબાદ આંતરરાષ્ટ્રીય સ્ટેબલાઈઝેશન ફોર્સ અને નવી પેલેસ્ટાઈન પોલીસ સંયુક્તપણે ગાઝાની સુરક્ષાની કમાન સંભાળશે. આ વ્યવસ્થાથી ઈઝરાયેલની સુરક્ષા સુનિશ્ચિત થશે અને ભવિષ્યમાં ગાઝાનો ઉપયોગ આતંકવાદી હુમલાના અડ્ડા તરીકે નહીં થઈ શકે. આ સમજૂતી અંતર્ગત ગાઝામાં એક નવી પેલેસ્ટાઈનની સરકારની રચના કરવામાં આવશે. જે બોર્ડ ઓફ પીસ સાથે મળીને પ્રશાસન, પુનર્નિર્માણ અને સામાન્ય લોકોના જીવનને સામાન્ય બનાવવાનું કાર્ય કરશે. ટ્રમ્પે આને તેમના ૨૦-પૉઈન્ટ પ્લાનનો મહત્વપૂર્ણ ભાગ ગણાવ્યો છે. જેનો ઉદ્દેશ્ય ગાઝા સંઘર્ષને સમાપ્ત કરવાનો છે.

અમેરિકી પ્રમુખે આ સમજૂતી માટે ઈજીપ્ત, કતર અને તુર્કીની મધ્યસ્થતાની પ્રશંસા કરી છે. જોકે, આ એલાન છતાં ગાઝામાં હિંસા હજુ અટકી નથી. ફિલિસ્ટીની સ્વાસ્થ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગુરુવારે ઈઝરાયેલી હવાઈ હુમલાઓમાં ૨ બાળકો સહિત ઓછામાં ઓછા ૬ લોકોના મોત થયા છે. વ્હાઈટ હાઉસે આ પગલાને કાયમી શાંતિ અને સુરક્ષા તરફનું એક મોટું ડગલું ગણાવ્યું છે. જ્યારે હમાસ તરફથી આ અંગે કોઈ ત્વરિત સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી. ઉલ્લેખનીય છે કે બોર્ડ ઓફ પીસ એ ૨૦૨૬ માં રચાયેલી એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. જેને ગાઝાના યુદ્ધ પછીના પુનર્નિર્માણ અને સુરક્ષા વ્યવસ્થાની દેખરેખની જવાબદારી સોંપવામાં આવી છે. ટ્રમ્પ આ સંસ્થાના સ્થાપક અધ્યક્ષ છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### કૉમનવેલ્થ ગેમ્સમાં ભારતની ધૂમ

## લવપ્રીતે સિલ્વર મેડલ અને સીમાએ બ્રોન્ઝ મેડલ જીત્યો

**ભારતીય ખેલાડીઓએ પ્રભાવશાળી પ્રદર્શન ચાલુ રાખ્યું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગ્લાસગો, તા.૩૧ :** સ્કોટલેન્ડના ગ્લાસગોમાં ચાલી રહેલી કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડીઓએ પોતાનું પ્રભાવશાળી પ્રદર્શન ચાલુ રાખ્યું છે. સ્ટાર ભારતીય વેઇટલિફ્ટર લવપ્રીત સિંહે પુરુષોની +૧૧૦ કિગ્રા કેટેગરીની ફાઇનલમાં દેશ માટે સિલ્વર મેડલ જીત્યો હતો. દરમિયાન, સીમા કલીરામનાએ મહિલા ડિસ્કસ થ્રો સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. લવપ્રીત સિંહે કુલ ૩૮૮ કિગ્રા વજન ઉપાડીને બીજું સ્થાન મેળવ્યું. તેણે સ્નેચ રાઉન્ડમાં ૧૭૬ કિગ્રા અને ક્લીન એન્ડ જર્કમાં ૨૧૨ કિગ્રા વજન ઉપાડ્યું. આ બે મેડલ સાથે ભારતે હવે કુલ ૧૬ મેડલ (૩ ગોલ્ડ, ૧૦ સિલ્વર અને ૩ બ્રોન્ઝ) જીત્યા છે.





સ્નેચ સ્પર્ધા પછી ન્યૂઝીલેન્ડના ડેવિડ લિટીએ લવપ્રીતથી ૧૦ કિલો ઓછું વજન ઉપાડ્યું હતું. જોકે, ક્લીન એન્ડ જર્કના બીજા રાઉન્ડમાં ડેવિડે ૨૨૩ કિગ્રા વજન ઉપાડીને કોમનવેલ્થ ગેમ્સનો નવો રેકોર્ડ બનાવ્યો. આ સાથે તે કુલ ૩૮૯ કિલોગ્રામ વજન સાથે લવપ્રીતથી માત્ર ૧ કિલોગ્રામ આગળ રહ્યો અને ગોલ્ડ મેડલ જીત્યો.

લવપ્રીત સિંહે માત્ર ૧ કિલોગ્રામના નાના અંતરથી ગોલ્ડ મેડલ ચૂકી ગયા બાદ નિરાશા વ્યક્ત કરી હતી. તેમણે ANI ને કહ્યું, “હું ગોલ્ડ મેડલ જીતવાનું ચૂકી ગયો. સ્વાભાવિક રીતે જ્યારે તમે ગોલ્ડ ચૂકી જાઓ છો ત્યારે દુઃખ થાય છે. હું એશિયન ગેમ્સ જેવી આગામી સ્પર્ધાઓમાં વધુ સારું પ્રદર્શન કરીશ.’’

તેમણે વધુમાં કહ્યું, “હું આ મેડલ મારા કોચ વિજય શર્મા, ભારતીય વેઇટલિફ્ટિંગ ફેડરેશનના સહદેવ સર, ભારત સરકાર અને ભારતીય નૌકાદળના કેપ્ટન વિજય કુમારને સમર્પિત કરવા માંગુ છું. તેમણે બધાએ મને ખૂબ ટેકો આપ્યો છે અને હું તે બધાનો ખૂબ ખૂબ આભાર માનું છું.’’

ટ્રેક અને ફિલ્ડમાંથી ભારત માટે પણ સારા સમાચાર આવ્યા. ભારતીય ખેલાડી સીમા કલીરામનાએ મહિલા ડિસ્કસ થ્રો ફાઇનલમાં ૫૮.૬૫ મીટરના શાનદાર થ્રો સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો.

### વનડે વિશ્વકપ ૨૦૨૭ની તૈયારીઓ શરૂ

## ODI વર્લ્ડ કપ ૨૦૨૭માં પહેલીવાર થયો મોટો ફેરફાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૧ :** આઈસીસી વનડે વિશ્વકપ ૨૦૨૭ શરૂ થવામાં હજુ ૧૫ મહિનાનો સમય બાકી છે. આ વખતે કુલ ૧૪ ટીમો મેદાનમાં ઉતરશે. આઈસીસીએ સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામીબિયાની યજમાનીમાં રમાનાર વિશ્વકપના વેન્યૂની પણ જાહેરાત કરી દીધી છે. વનડે વિશ્વકપ ૨૦૨૭મા પ્રથમવાર મોટો ફેરફાર થવાનો છે, જેની જાહેરાત આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે કરી દીધી છે. આગામી મેગા ઈવેન્ટ ખાસ રહેવાની છે.

માનવામાં આવી રહ્યું છે કે, આગામી વિશ્વકપ વર્ષ ૨૦૦૩ના ફોર્મેટ પર રમાશે. પરંતુ તેમાં મોટો ફેરફાર થયો છે.

વિશ્વકપ ૨૦૦૩મા કુલ ૫૪ મેચ રમાઈ હતી. પરંતુ આ વખતે મેચની સંખ્યા વધી ગઈ છે. તેમાં કુલ મળી ૫૭ મેચ રમાશે. વનડે વિશ્વકપના ઈતિહાસમાં ક્યારેય આટલી મેચ રમાઈ નથી. તેવામાં આગામી વિશ્વકપમાં સૌથી વધુ મેચ રમાશે.

આ પહેલા વિશ્વકપ ૨૦૦૩મા અત્યાર સુધી વનડે વિશ્વકપના ઈતિહાસમાં સૌથી વધુ મેચ રમાઈ હતી. પરંતુ હવે આ રેકોર્ડ તૂટી જશે. તો ૨૦૦૩ બાદ સાઉથ આફ્રિકા વિશ્વકપની યજમાની કરી રહ્યું છે. આઈસીસીએ પહેલા જાહેરાત કરી હતી કે વિશ્વકપની શરૂઆત થતાં સૌથી પહેલા સુપર સિરીઝ રમાશે. સુપર સિરીઝમાં ટોપ પર રહેનારી ટીમ આગળના રાઉન્ડમાં ક્વોલીફાઈ કરશે. આ સિવાય બીજા અને ત્રીજા સ્થાને રહેનાર ટીમની સફર ખતમ થઈ જશે. ત્યારબાદ ગ્રુપ સ્ટેજના મુકાબલા શરૂ થશે. જેમાં ૧૨ ટીમો ભાગ લેશે.

આ ૧૨ ટીમોને બે ગ્રુપમાં વિભાજીત કરવામાં આવશે, અહીં ૩૦ મેચ રમાશે. ત્યારબાદ સુપર ૭ રાઉન્ડ રમાશે. તેમાં કુલ ૨૧ મેચનું આયોજન થશે. ટોપ ૪ ટીમો સેમીફાઈનલમાં પહોંચશે. સેમીફાઈનલમાં જીતનાર બંને ટીમ વચ્ચે ફાઈનલ રમાશે. આ ટૂર્નામેન્ટમાં કુલ ૫૭ મેચ રમાશે.

ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૭મા આ વિશ્વકપનું આયોજન થશે. ૨૪ વર્ષ બાદ આફ્રિકી મહાદ્વીપમાં પુરૂષોના વિશ્વકપની વાપસી થઈ રહી છે. આ પહેલા ૨૦૦૩મા અહીં ટૂર્નામેન્ટનું આયોજન થયું હતું, જે આફ્રિકા, ઝિમ્બાબ્વે અને કેન્યામાં રમાયો હતો. પરંતુ આ વખતે કેન્યાનું સ્થાન ઝિમ્બાબ્વેએ લીધું છે. આઈસીસીએ આ ટૂર્નામેન્ટ માટે વેન્યૂની જાહેરાત કરી દીધી છે. કુલ ૧૨ શહેરોમાં વિશ્વકપ મેચનું આયોજન થશે.

**ક્યા શહેરોમાં રમાશે વિશ્વકપની મેચ?**

- ♦ વાન્ડરર્સ, જોહાનિસબર્ગ (દક્ષિણ આફ્રિકા)
- ♦ સેન્ચુરિયન (દક્ષિણ આફ્રિકા)
- ♦ ન્યુલેન્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ, કેપ ટાઉન (દક્ષિણ આફ્રિકા)
- ♦ કિંગ્સમીડ ક્રિકેટ ગ્રાઉન્ડ, ડર્બન (દક્ષિણ આફ્રિકા)
- ♦ સેન્ટ જ્યોર્જ પાર્ક, ગકેબેરહા (દક્ષિણ આફ્રિકા)
- ♦ મંગાઉંગ ઓવલ, બ્લોમફોન્ટેન (દક્ષિણ આફ્રિકા)
- ♦ બોલેન્ડ પાર્ક, પાર્લ (દક્ષિણ આફ્રિકા)
- ♦ બફેલો પાર્ક, કુગોમ્પો સિટી - પૂર્વ લંડન (દક્ષિણ આફ્રિકા)
- ♦ હરારે સ્પોર્ટ્સ ક્લબ, હરારે (ઝિમ્બાબ્વે)
- ♦ ક્વીન્સ સ્પોર્ટ્સ ક્લબ, બુલાવાયો (ઝિમ્બાબ્વે)
- ♦ ફેલ મોસી-ઓઆ-ટુન્યા ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, વિક્ટોરિયા ફોલ્સ (ઝિમ્બાબ્વે)
- ♦ નામિબિયા ક્રિકેટ ગ્રાઉન્ડ, વિન્ડહોક (નામિબિયા)

## વિરાટ કોહલીના એક લાઈકે બદલી નાખી જર્મન મોડેલની જિંદગી!

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૩૧ :** સોશિયલ મીડિયાની દુનિયામાં એક નાનો ‘લાઈક’ પણ કોઈની જિંદગી કઈ રીતે બદલી શકે છે, તેનું સૌથી મોટું ઉદાહરણ સાઉથ આફ્રિકામાં જન્મેલી જર્મન મોડેલ, સિંગર અને સ્પોર્ટ્સ પ્રેઝન્ટર લિઝની સ્ટોરી છે. લિઝનું એવું કહેવું છે કે, ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી દ્વારા તેમની એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટને લાઈક કરવામાં આવ્યા બાદ તેની જિંદગી બદલાઈ ગઈ. આજે તેના ઈન્સ્ટાગ્રામ પર પાંચ લાખથી વધુ ફોલોઅર્સ છે અને ક્રિકેટ જગતમાં જાણીતો ચહેરો બની ચૂકી છે. ચાલો જોઈએ બીજું શું કહ્યું છે લિઝે...

લિઝે એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે, જ્યારે વિરાટ કોહલીએ ઈન્સ્ટાગ્રામ પર તેનો ફોટો લાઈક કરી, ત્યારે શરૂઆતમાં તો તેને ખ્યાલ જ નહોતો આવ્યો કે અચાનક તેના પ્રોફાઈલ પર આટલો ટ્રાફિક અને ચર્ચા કેમ થઈ રહી છે. જોતજોતામાં જ તેના સોશિયલ મીડિયા અકાઉન્ટ પર ફોલોઅર્સની સંખ્યા પણ વધી ગઈ.

જર્મની અને સાઉથ આફ્રિકાના અગ્રણી મીડિયાએ તેના પર રિપોર્ટ્સ પબ્લિશ કર્યા જોતજોતામાં તે હેડલાઈન્સમાં છવાઈ ગઈ. લિઝ અગાઉથી જ મોડેલિંગ અને બ્લોગિંગ કરતી હતી, પરંતુ વિરાટના એક લાઈકે તેને ઈન્ટરનેશનલ લેવલ પર એટલી ફેમ અપાવી કે જેની તેણે કલ્પના પણ નહોતી કરી.

લોકપ્રિયતા મળ્યા બાદ અનેક પત્રકારોએ તેમનો સંપર્ક કર્યો હતો. લિઝે ખુલાસો કર્યો કે, એક પત્રકારે તો તેને વિરાટ કોહલીની ઈમેજ ખરાબ કરવા બદલ મોટા પૈસા ઓફર કર્યા હતા. જોકે, લિઝે આ પ્રસ્તાવને તુરંત જ ઠુકરાવી દીધો હતો. તેમનું માનવું છે કે, કોઈ વ્યક્તિની છબીને નુકસાન પહોંચાડવા માટે જૂઠું બોલવું અથવા ખોટી વાતો ફેલાવવી તેમની નૈતિકતાની વિરુદ્ધ છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, તે માત્ર લોકપ્રિયતા કે પૈસા માટે પોતાના સિદ્ધાંતો સાથે ક્યારેય સમાધાન કરી શકે નહીં.

આઈપીએલની વાત કરીએ તો લિઝ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની સપોર્ટર છે અને ટૂર્નામેન્ટ દરમિયાન ટીમ પર સતત નજર રાખે છે. લિઝ અનેકવાર ભારત આવી ચૂકી છે અને તેમને ભારતીય સંસ્કૃતિ અતિ પ્રિય છે. ભારતીય ભોજનમાં તેનું સૌથી પ્રિય ડિશ ‘સમોસા’ છે. તાજેતરમાં જ ઈંગ્લેન્ડ ખાતે યોજાયેલા મહિલા ટી૨૦ વર્લ્ડ કપ દરમિયાન તેણે પ્રેઝન્ટર તરીકે કામ કર્યું હતું અને સ્મૃતિ મંધાના તથા હરમનપ્રીત કૌર જેવી સ્ટાર ખેલાડીઓનો ઈન્ટરવ્યુ લીધો હતો. મોડેલિંગ અને સ્પોર્ટ્સ પ્રેઝન્ટિંગ ઉપરાંત લિઝ સંગીત ક્ષેત્રે પણ સક્રિય છે અને હાલમાં જ તેમનું નવું મ્યુઝિક અલબમ રિલીઝ થયું છે જેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

### ૧.૮૯ લાખ લોકોનું સુરક્ષિત સ્થાને સ્થળાંતર

## આસામ બાદ ઓડિશાના ૨૦ જિલ્લામાં પૂરથી આફત

**ઓડિશામાં મહાનદી અને કાઠજોડી નદીઓમાં પાણીની સતત આવકથી પૂરની સ્થિતિ ગંભીર બની છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભુવનેશ્વર, તા.૩૧**

ઓડિશામાં મહા નદી અને તેની પ્રમુખ શાખા નદી કાઠજોડીમાં પાણીની સતત આવકના કારણે સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. મુંડલી અને નરાજ પાસે પૂરના પાણી ટૂંકસમયમાં જ ભયજનક સપાટી વટાવી જાય તેવી આશંકા છે.



પ્રાપ્ત અહેવાલો મુજબ, મુંડલીમાં ૮.૮૦ લાખ ક્યુસેક પાણી વહી રહ્યું હતું અને જળસ્તર ભયજનક સપાટીથી માત્ર દોઢ ફૂટ જ નીચે હતું. જ્યારે નરાજમાં ૪.૩૪ લાખ ક્યુસેક અને જોબરા એનિકેટ પરથી ૩.૯૭ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

મહા નદીનું જળસ્તર વધતા બુધવારે મોડી રાત્રે પ્રસિદ્ધ ભટ્ટારિકા મંદિરના ગર્ભગૃહમાં પાણી ભરાઈ ગયા હતા, જેના પગલે માં ભટ્ટારિકાની મૂર્તિને અસ્થાયી મંદિરમાં સ્થાનાંતરિત કરવામાં આવી છે. આ ઉપરાંત બડંબાના જોડુમ વિસ્તારમાં તટબંધ તૂટવાથી ખેતીની જમીન જળમગ્ન થઈ છે. સ્થિતિને ધ્યાનમાં રાખીને ધબલેશ્વર, ભટ્ટારિકા અને સિંહનાથ પીઠમાં ગુરુવારથી BNSની કલમ-૧૬૩ (અગાઉની કલમ-૧૪૪) લાગુ કરી દેવામાં આવી છે.

બાંકી-ડંપડા બ્લોકના નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળતા અનેક પંચાયતોના સેંકડો હેક્ટર ખેતરો ડૂબમાં ગયા છે. મુખ્ય માર્ગો પર ૩થી ૫ ફૂટ પાણી વહી રહ્યા હોવાથી અનેક ગામોનો સંપર્ક તૂટી ગયો છે. તંત્રે સાવચેતીના ભાગરૂપે આઠગઢ, બાંકી, કટક સદર અને કટક કોર્પોરેશન વિસ્તારમાંથી હજારો લોકોને સુરક્ષિત આશ્રયસ્થાનોમાં ખસેડવાની કામગીરી હાથ ધરી છે. પૂર રાહત માટે NDRF, ODRAF અને ફાયર બ્રિગેડની ટીમો તહેનાત કરવામાં આવી છે.

ઓડિશાના ૨૦ જિલ્લાના ૧૦૦ બ્લોકમાં આવેલા ૧,૪૫૮ ગામો પૂરની ચપેટમાં આવ્યા છે. સરકારી આંકડા મુજબ, પૂરના કારણે અત્યાર સુધીમાં ૩ લોકોના મોત થયા છે અને ૧,૩૧૦ પશુઓના મૃત્યુ નોંધાયા છે. ભદ્રક જિલ્લો પૂરથી સૌથી વધુ પ્રભાવિત થયો છે, જ્યાં ૪.૧૧ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત છે. આ ઉપરાંત જાજપુર અને બાલેશ્વર જિલ્લામાં પણ લાખો લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી સુરેશ પુજારીએ ઉચ્ચ અધિકારીઓ સાથે હેલિકોપ્ટર મારફતે પૂર પ્રભાવિત જિલ્લાઓનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. તેમણે અધિકારીઓને આદેશ આપ્યા છે કે પૂરના પાણી ઓસર્યા બાદ તુરંત જ પ્રભાવિત લોકોને આર્થિક સહાય અને વળતર ચૂકવવામાં આવે. હાલમાં રાજ્યમાં ૫૨૦થી વધુ રાહત કેન્દ્રો શરૂ કરીને લોકોને રાશન અને ભોજન પૂરું પાડવામાં આવી રહ્યું છે.

## અંકિત શર્મા હત્યાકાંડ: દિલ્હી રમખાણોના આરોપી તાહિર હુસૈન સહિત પાંચને આજીવન કેદ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૧**

વર્ષ ૨૦૨૦ના ઉત્તર-પૂર્વી દિલ્હી રમખાણોના સૌથી ચર્ચિત કેસોમાંથી એક આઈબી અધિકારી અંકિત શર્મા હત્યાકાંડમાં કડકડડૂમા કોર્ટે મોટો ચુકાદો સંભળાવ્યો છે. કોર્ટે પૂર્વ એમસીડી કાઉન્સિલર તાહિર હુસૈન સહિત પાંચ દોષિતોને આજીવન કેદની સજા ફટકારી છે. લગભગ છ વર્ષ સુધી ચાલેલી સુનાવણી, સાક્ષીઓના નિવેદન, ફોરેન્સિક રિપોર્ટ અને ઈલેક્ટ્રોનિક પુરાવા પર વિચાર કર્યા બાદ કોર્ટે પહેલા આ તમામને દોષિત ઠેરવ્યા હતા અને હવે સજાની પણ જાહેરાત થઈ ગઈ છે. આ ચુકાદાને ૨૦૨૦ દિલ્હી રમખાણોમાં સૌથી મહત્ત્વના ન્યાયિક ચુકાદા તરીકે માનવામાં આવે છે.

કડકડડૂમા કોર્ટે તાહિર હુસૈન ઉપરાંત નાઝિમ, કાશિમ, અનસ અને જાવેદને પણ આજીવન કેદની સજા ફટકારી છે. કોર્ટે ૧૩ જુલાઈ ૨૦૨૬ના રોજ આ પાંચેયને હત્યા, અપહરણ, દંગા અને સાંપ્રદાયિક વૈમનસ્ય ફેલાવવા સહિત કેટલાય ગંભીર ગુનામાં દોષિત ઠેરવ્યા હતા. વળી આ મામલામાં આરોપી બનેલા ૧૧ લોકોમાંથી ૬ને પુરાવાના અભાવે મુક્ત કરી દેવામાં આવ્યા હતા. ચુકાદાના દિવસે કોર્ટ પરિસરમાં સુરક્ષાની પુખ્તા વ્યવસ્થા કરવામાં આવી હતી. કોર્ટે સુનાવણી દરમ્યાન અભિયોજન પક્ષ તરફથી રજૂ કરાયેલા પ્રત્યક્ષદર્શીઓના નિવેદન, ફોરેન્સિક રિપોર્ટ, ડિજિટલ પુરાવા અને અન્ય દસ્તાવેજો પર વિશ્વાસ કરતા તાહિર હુસૈન સહિત પાંચેય આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. ત્યાર બાદ સજા પર બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આજીવન કેદની સજા સંભળાવી છે.

આઈબીમાં સુરક્ષા સહાયકના પદ પર તૈનાત ૨૬ વર્ષના અંકિત શર્મા ફેબ્રુઆરી ૨૦૨૦માં ઉત્તર પૂર્વી દિલ્હીમાં ભડકેલી હિંસા દરમ્યાન ગુમ થઈ ગયા હતા. ૨૬ ફેબ્રુઆરીના રોજ તેમની લાશ ખજૂરી ખાસના નાળામાંથી મળી આવી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં તેમના શરીર પર કેટલીય ગંભીર ઈજા અને ધારદાર હથિયારના ઘા જોવા મળ્યા હતા. ત્યાર બાદ તેમના પિતાએ તાહિર હુસૈન અને અન્ય લોકો વિરુદ્ધ હત્યાનો આરોપ લગાવતા ફરિયાદ નોંધાવી હતી.

## પર્યાવરણીય મંજૂરી વિનાના પ્રોજેક્ટ્સને પાછલી અસરથી સંમતિ નહીં: સુપ્રીમ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૧**

વહીવટી તંત્રના હુકમના કારણે પર્યાવરણના સંરક્ષણ માટે બનાવેલા નિયમોમાં પરિવર્તન ગ્રાહ્ય રાખવાનો ઈનકાર કરતાં સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૨૧વી ઓફિસ મેમોરેન્ડમને રદ ઠેરવ્યુ હતું, જેમાં કેન્દ્ર સરકાર તથા અન્ય સત્તામંડળોએ પર્યાવરણીય મંજૂરી વગર શરૂ કરાયેલા પ્રોજેક્ટ્સને પાછલી અસરથી સંમતિ આપી હતી.

ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ પંચોલીની બેન્ચે સર્વાનુમતે ઠરાવ્યું હતું કે, કોર્ટના આ હુકમને ભવિષ્યમાં લાગુ કરવાના જણાવ્યુ હતું. જેના કારણે પાછલી અસરથી પર્યાવરણીય મંજૂરી મેળવનારા પ્રોજેક્ટ્સને ડીમોલિશન તથા અન્ય દંડનાત્મક કાર્યવાહીમાં રાહત મળી હતી.

સર્વોચ્ચ અદાલતે નોંધ્યુ હતું કે, કેન્દ્ર સરકાર પાસે એન્વાર્યમેન્ટ (પ્રોટેક્શન) એક્ટ, ૧૯૮૬ની કલમ ૩ અન્વયે પૂરતી સત્તા મળેલી છે. જેના કારણે ઉચિત નોટિફિકેશન બનાવી વ્યાપક જનહિતમાં માનવીય યોજનાઓ બનાવી શકાય છે. ઓડિશમાં એઈમ્સ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ બિલ્ડિંગ, તામિલનાડુમાં સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર કેન્સર ડીસીઝ, કર્ણાટકમાં વિજયપુરા એરપોર્ટ તથા પૂર સંભવિત વિસ્તારોને ધ્યાને રાખી બનાવેલા સિંચાઈ-પુનઃવસનના પ્રોજેક્ટ્સને સુપ્રીમ કોર્ટના આ ચુકાદાથી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે નોંધ્યુ હતું કે, ૨૦૨૧માં પાછલી અસરથી અમલ જાહેર કરતું ઓફિસ મેમોરેન્ડમ અમાન્ય અને રદ જાહેર કરાય છે. કલમ ૧૪૨ હેઠળ મળેલી સત્તા અન્વયે સર્વોચ્ચ અદાલત બે અલગ-અલગ પરિબળોને સ્વીકારે છે. પ્રથમ, સંબંધિત માધ્યમોને કાનૂની માન્યતા અંગે અસ્પષ્ટતા તથા જાહેર હિતને ધ્યાને રખાયા છે. કારણ કે સંબંધિત સત્તામંડળની મંજૂરી મળી હોવાના વિશ્વાસ સાથે વિવાદિત પૈકીના ઘણાં પ્રોજેક્ટ્સ શરૂ થઈ ગયા છે અથવા નોંધપાત્ર પ્રગતિના તબક્કે છે.

## ૨૦૩૧ સુધી ચાલુ રહેશે PM કિસાન યોજના, કેબિનેટે આપી મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૧**

દેશના કરોડો ખેડૂતો માટે કેન્દ્ર સરકારે મોટી રાહતની જાહેરાત કરી છે. કેન્દ્રીય કેબિનેટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાને આગામી પાંચ વર્ષ માટે ચાલુ રાખવા માટે મંજૂરી આપી દીધી છે. હવે આ યોજના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ થી લઈને ૨૦૩૦-૩૧ સુધી લાગુ રહેશે. સરકારે આ યોજના માટે ૩.૧૫ લાખ કરોડ રૂપિયાથી વધુનું બજેટ પ્રસ્તાવિત કર્યું છે, જેનાથી પાત્ર ખેડૂતોને પહેલાની જેમ જ આર્થિક સહાય મળતી રહેશે.

PM કિસાન યોજના હેઠળ પાત્ર ખેડૂત પરિવારોને દર વર્ષે ૬,૦૦૦ રૂપિયાની નાણાકીય સહાય આપવામાં આવે છે. આ રકમ ૨૦૦૦ રૂપિયાના ત્રણ સરખા હપ્તામાં સીધી ખેડૂતોના બેંક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા મોકલવામાં આવે છે. હપ્તાઓનો સમય પાક ચક્ર (ફસલ ચક્ર) અનુસાર નક્કી કરવામાં આવ્યો છે, જેથી ખેડૂતોને વાવણી અને ખેતીની તૈયારીઓ દરમિયાન સમયસર આર્થિક મદદ મળી શકે.

સરકારે આગામી પાંચ વર્ષ માટે આ યોજના પર ૩,૧૫,૬૧૪ કરોડ રૂપિયા ખર્ચ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. સરકારનું કહેવું છે કે આ નિર્ણયથી ખેડૂતોને નિયમિત આવકનો ટેકો મળતો રહેશે અને ખેતી સંબંધિત જરૂરી ખર્ચ પૂરા કરવામાં સરળતા રહેશે. આનાથી ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત થવાની અપેક્ષા છે.

સરકારના જણાવ્યા મુજબ, યોજનાના હપ્તા એવા સમયે જારી કરવામાં આવે છે જ્યારે ખેડૂતોને બિયારણ, ખાતર, જંતુનાશકો અને અન્ય કૃષિ સામગ્રી ખરીદવા માટે પૈસાની સૌથી વધુ જરૂર હોય છે. આનાથી ખેડૂતોની રોકડ સંબંધિત સમસ્યાઓ ઓછી થાય છે અને તેમને ઊંચા વ્યાજે લોન લેવાની જરૂરિયાત પણ ઘટે છે.

સરકારનું કહેવું છે કે, આ યોજનાના મોટાભાગના લાભાર્થીઓ નાના અને સીમાંત ખેડૂતો છે. અત્યાર સુધીમાં PM કિસાન યોજનાના ૨૩ હપ્તાઓ દ્વારા ૪.૪૭ લાખ કરોડ રૂપિયાથી વધુની રકમ સીધી ખેડૂતોના ખાતામાં મોકલવામાં આવી ચૂકી છે. નીતિ આયોગના આકલન અનુસાર, આ યોજનાથી મોટી સંખ્યામાં ખેડૂતોની આવકમાં સુધારો થયો છે અને તેમની અનૌપચારિક દેવા પરની નિર્ભરતા પણ ઘટી છે. હવે PM કિસાન યોજનાને આગામી પાંચ વર્ષ સુધી ચાલુ રાખવાના નિર્ણયને ખેડૂતો માટે મોટી રાહત માનવામાં આવી રહી છે.

## મહારાષ્ટ્રના ભિવંડીમાં ૪ માળની ઈમારત ધરાશાયી થતાં ૬ લોકોના દર્દનાક મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૩૧**

મુંબઈ નજીક ભિવંડી વિસ્તારમાં ગુરુવારે રાત્રે એક હૃદયદ્રાવક દુર્ઘટના સામે આવી છે, જ્યાં ‘કોહિનુર’ નામની ૪ માળની રિહાઈશી ઈમારત અચાનક ધારાશાયી થઈ ગઈ હતી. આ ભીષણ અકસ્માતમાં ૬ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે હજુ પણ ૬ થી ૭ લોકો કાટમાળ નીચે દબાયેલા હોવાની આશંકા સેવાઈ રહી છે. ઘટનાની જાણ થતાં જ સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, ઘટનાસ્થળે NDRF, ભિવંડી પોલીસ, ફાયર બ્રિગેડની ટીમો અને મ્યુનિસિપલ અધિકારીઓ તાત્કાલિક ધોરણે પહોંચી ગયા હતા. પોકલેન મશીનો અને આધુનિક સાધનોની મદદથી કાટમાળ હટાવવાનું અને ફસાયેલા લોકોને બહાર કાઢવાનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, આ જૂની ઈમારતમાં છેલ્લા કેટલાક દિવસોથી રિપેરિંગનું કામ ચાલી રહ્યું હતું. કામ દરમિયાન કોન્ટ્રાક્ટર અને મજૂરો દ્વારા ઈમારતના ૩ પિલર તોડી નાખવામાં આવ્યા હતા. પિલર તૂટવાના કારણે ઈમારતની પાયાની મજબૂતાઈ જોખમાઈ ગઈ અને તે પોતાનું સંતુલન ગુમાવીને સંપૂર્ણપણે જમીનદોસ્ત થઈ ગઈ હતી. જોકે, રાહતની વાત એ રહી કે ઈમારત ધરાશાયી થતા પહેલા વિચિત્ર અવાજો આવતા મોટાભાગના રહેવાસીઓ સમયસૂચકતા વાપરીને સમયસર બહાર ભાગી છૂટ્યા હતા. જેના કારણે એક મોટી જાનહાનિ ટળી ગઈ હતી. તેમ છતાં, પહેલી માળ પર રહેલા કેટલાક લોકો અને ત્યાં કામ કરી રહેલા મજૂરો કાટમાળ નીચે ફસાયા હોવાની શક્યતા છે. પ્રશાસન દ્વારા તમામ લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

## અમેરિકન FBI ની મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં પંજાબના ગુરપ્રીત સિંહનું નામ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વૉશિંગ્ટન, તા.૩૧**

અમેરિકાની અગ્રણી તપાસ એજન્સી FBI (ફેડરલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન)એ વધુ એક ભારતીય નાગરિકને પોતાની મોસ્ટ વોન્ટેડ યાદીમાં સામેલ કર્યો છે. મોસ્ટ વોન્ટેડ જાહેર કરવામાં આવેલા આ આરોપીનું નામ ગુરપ્રીત સિંહ છે. FBI દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ગુરપ્રીત સિંહ પંજાબના કુખ્યાત ગેંગસ્ટર અને ડ્રગ માફિયા જગ્ગુ ભગવાનપુરિયાના આંતરરાષ્ટ્રીય ગુનાહિત નેટવર્કનો સક્રિય સભ્ય છે.

જગ્ગુ ભગવાનપુરિયા ગેંગના વૈશ્વિક નેટવર્કને સંપૂર્ણપણે પરાસ્ત કરવા માટે FBI દ્વારા ઓપરેશન હાર્ડ બૉલ ચલાવવામાં આવ્યું હતું. આ વિશેષ મિશન હેઠળ અમેરિકા, યુરોપ અને કેનેડામાં ફેલાયેલા આ ગેંગના ઠેકાણાઓ તેમજ ડ્રગ્સ અને હથિયારોના તસ્કરી નેટવર્ક પર મોટો સિકંજો કસવામાં આવ્યો છે. તપાસ એજન્સીઓના જણાવ્યા અનુસાર, જગ્ગુ ભગવાનપુરિયા સંગઠિત ગુનાહિત જૂથની શરૂઆત મૂળ ભારતના પંજાબથી થઈ હતી. પરંતુ સમય જતાં આ જૂથે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાનો પગપેસારો કર્યો હતો. હાલમાં આ નેટવર્ક અમેરિકાના કેલિફોર્નિયાના સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ સહિત અનેક વિસ્તારોમાં ગેરકાયદેસર ડ્રગ્સ અને હથિયારોની તસ્કરીનો કાળો કારોબાર ચલાવી રહ્યું હતું.

ગુરપ્રીત સિંહ પર સરહદ પારથી ચાલતા ગુનાહિત સંગઠનમાં સામેલ થઈને ગંભીર ગુના આચરવાના ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે. FBI અનુસાર, તે વસૂલી (રંગદારી), વિના લાઈસન્સે હથિયારોના વેપારનું કાવતરું ઘડવું, નશીલા પદાર્થો રાખવા, તેની તસ્કરી કરવી અને તેનું વેચાણ કરવા જેવી ગેરકાનૂની પ્રવૃત્તિઓમાં સીધી રીતે સામેલ હતો. આ ગંભીર આરોપોના આધારે, ૨૫ જૂન ૨૦૨૬ના રોજ લૉસ એન્જિલિસ સ્થિત યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટ દ્વારા ગુરપ્રીત સિંહ સામે ધરપકડનું વોરંટ જારી કરવામાં આવ્યું હતું.

હાલમાં FBI આંતરરાષ્ટ્રીય પોલીસ એજન્સીઓ સાથે સંકલન સાધીને ગુરપ્રીત સિંહની ધરપકડ કરવા માટે તેના સંભવિત ઠેકાણાઓ પર દરોડા પાડી રહી છે. આ સાથે જ FBIએ સામાન્ય જનતા અને અન્ય માધ્યમોને પણ અપીલ કરી છે કે જો કોઈ પાસે ગુરપ્રીત સિંહ અંગેની જાણકારી હોય તો તેઓ એજન્સીનો સંપર્ક કરે.

# સ્પેનની સરહદે સ્થિતિ બદથી બદતર : મોરક્કોથી હજારો મુસ્લિમો ઘૂસ્યા, ભાગદોડમાં ૯ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સ્પેન, તા.૩૧**

સ્પેનની બોર્ડર પર સ્થિતિ ખુબ તણાવપૂર્ણ બની છે. પાડોશી દેશ મોરક્કોથી હજારોની સંખ્યામાં ગેરકાયદેસર પ્રવાસીઓ જમીન અને દરિયાઈ માર્ગે બળજબરીપૂર્વક સરહદ ઓળંગીને સ્પેનના સેઉટામાં ઘૂસ્યા છે. સ્થિતિ બેકાબૂ થતી જોઈને સ્પેન સરકારે સુરક્ષા વ્યવસ્થા સંભાળવવા માટે સેઉટામાં સેના અને વધારાની પોલીસફોર્સ તૈનાત કરી છે. ગેરકાયદેસર પ્રવાસીઓના સ્પેનમાં જબરદસ્તીથી ઘૂસવાના અનેક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ છે. મીડિયા રિપોર્ટ મુજબ સેકડો પ્રવાસીઓએ બોર્ડર પર લાગેલા લોઢાના ગેટ તોડ્યા અને શહેર તરફ દોટ મૂકી. આ ઉપરાંત મોટી સંખ્યામાં લોકો મોરક્કોની સરહદેથી તરીને કે રબરની આ ટ્યૂબોના સહારે દરિયાઈ રસ્તે સ્પેનિશ વિસ્તારમાં ઘૂસ્યા.

સ્પેનિશ સરકારી ટીવી મુજબ એક જ દિવસમાં ગુરુવારે ૨૦૦૦થી ૩૦૦૦ લોકો સેઉટામાં ઘૂસી ચૂક્યા છે. જ્યારે સ્થાનિક પ્રશાસનનું કહેવું છે કે છેલ્લા ૧૦ દિવસમાં ૧૫૦૦થી ૨૦૦૦ અન્ય લોકો પણ ગેરકાયદેસર રીતે દાખલ થઈ ચૂક્યા છે. મોરક્કો એક મુખ્ય મુસ્લિમ બહુમતીવાળો દેશ છે. જ્યાં લગભગ ૯૯ ટકા વસ્તી ઈસ્લામ ધર્મ પાળે છે. ત્યાંના લોકો દ્વારા પોતાનો દેશ છોડીને સ્પેનના સેઉતા જેવા યુરોપીયન વિસ્તારોમાં જવાનું સૌથી મોટું કારણ સારા ભવિષ્યની શોધ છે. મોરક્કોમાં બેરોજગારી અને આર્થિક તંગીના કારણે લોકો કામ ધંધાની સારી તકો, સારા જીવનસ્તર અને સુરક્ષિત ભવિષ્યની શોધમાં છે. સેઉટાના રાષ્ટ્રપતિ જીસસ વિવાસે વિસ્તારમાં ગંભીર માનવીય અને સામાજિક કટોકટી જાહેર કરી છે. તેમણે મેન્ડ્રીડ સ્થિત સ્પેનની કેન્દ્રીય સરકારને તરત હસ્તક્ષેપ કરવાની અને સેના મોકલવાની માંગણી કરી હતી. સ્થિતિની ગંભીરતા જોતા સ્પેન સરકારે ૬૦ સૈનિકોની વિશેષ ટુકડી સેઉટા મોકલી છે. આ ઉપરાંત ૨૦૦ વિશેષ પોલીસ અધિકારીઓને સરહદ સુરક્ષા માટે તૈનાત કરાયા છે.



માનવાધિકાર કાર્યકર ઝકારિયા ઝારોકીએ જણાવ્યું કે, સરહદ પર સ્થિતિ હાલ બેકાબૂ છે. પ્રવાસીઓનો એક મોટો સમૂહ સેઉટા નજીક મોરક્કોના ફનિદેક શહેરમાં પણ ભેગો થઈ રહ્યો છે. જેનાથી મે ૨૦૨૧ જેવા મોટા સંકટની આશંકા બની છે. તે સમયે ૧૦૦૦૦થી વધુ લોકો એક સાથે ઘૂસ્યા હતા.


મોરક્કો તરફથી સરહદ પાર કરવાની હોડમાં ફસાયેલા લોકોને રોકવા માટે અહીંના સુરક્ષાદળોએ વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. બીજી બાજુ સેઉટી વહીવટી તંત્રએ પુષ્ટિ કરી કે ગુરુવારે કાંઠા પાસે ૯ પ્રવાસીઓના મૃતદેહ મળ્યા છે. હાલના મહિનાઓમાં આ ખતરનાક સીમાને પાર કરવાની કોશિશમાં જીવ ગુમાવનારાઓની સંખ્યા વધીને ૬૦ થઈ ગઈ છે.

### દરેક પાસે પોતાનો એઆઈ પર્સનલ આસિસ્ટન્ટ હશે

# ૨૦૩૧ સુધીમાં એઆઈ ઓફિસ, સેક્રેટરી અને હેલ્પર બનશે : ઝકરબર્ગ

**હેલ્થ ટ્રેકિંગ, ટ્રાવેલ પ્લાનિંગ, મની મેનેજમેન્ટ સહિત ટાઈમ મેનેજમેન્ટ જેવા કામો એઆઈ પીએ મેનેજ કરશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કેલિફોર્નિયા, તા.૩૧**



મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગે આગાહી કરી છે કે, આવનારા પાંચ વર્ષમાં દુનિયાભરના અબજો લોકો પાસે પોતાનો એઆઈ પર્સનલ આસિસ્ટન્ટ હશે. આ પીએ રોજિંદા જીવનમાં તેમની સાથે રહેશે અને વિવિધ કામોમાં મદદ કરશે. ભવિષ્યમાં એઆઈ માત્ર પ્રશ્નોના જવાબ આપતું ટૂલ નહીં રહે. પરંતુ, દરેક વ્યક્તિ માટે પર્સનલ હેલ્પર તરીકે કામ કરશે.

ઝકરબર્ગે જણાવ્યું કે, મેટા એવા એઆઈ આસિસ્ટન્ટ પર કામ કરી રહી છે, જે દરેક વ્યક્તિની આદતો, પસંદગી અને જરૂરિયાતોને સમજીને ૨૪ કલાક તેમની મદદ કરશે. હાલમાં એઆઈનો સૌથી વધુ ઉપયોગ કોડિંગ અને ટેકનિકલ કામો માટે થઈ રહ્યો છે. પરંતુ, મેટા એઆઈને સામાન્ય વ્યક્તિ માટે સરળ અને ઉપયોગી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

એઆઈ પીએ હેલ્થ ટ્રેક કરવામાં, મની મેનેજમેન્ટમાં, ટ્રાવેલ પ્લાનિંગ, શિડયુલ મેનેજમેન્ટ અને અનેક નાના-મોટા કામોને સરળ બનાવવામાં મદદ કરશે. મેટાના વ્હોટ્સએપ, મેસેન્જર અને ઈન્સ્ટાગ્રામ જેવા પ્લેટફોર્મ્સ આ એઆઈ આસિસ્ટન્ટનું મુખ્ય માધ્યમ બનશે. હાલ, મેટા એઆઈને અનેક બિઝનેસ માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. તેમાં, બિઝનેસ આસિસ્ટન્ટનો ઉપયોગ દર અઠવાડિયે ૧૦ લાખથી વધુ બિઝનેસ કરી રહ્યા છે.

### ૪,૦૦૦ ફૂટની ઊંડાઈએ રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ

# પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં કોલસાની ખાણમાં પ્રચંડ વિસ્ફોટ, ૩૨ શ્રમિકોના મોત

**ક્વેટા પાસે આવેલી સુરાંજ વિસ્તારની એક કોલસાની ખાણમાં ભીષણ વિસ્ફોટ થતાં ખાણનો મોટો ભાગ ધસી પડ્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**બલૂચિસ્તાન, તા.૩૧**

પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં એક મોટી દુર્ઘટના સામે આવી છે. અહીં ક્વેટા પાસે આવેલી સુરાંજ વિસ્તારની એક કોલસાની ખાણમાં ભીષણ વિસ્ફોટ થતાં ખાણનો મોટો ભાગ ધસી પડ્યો હતો. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૩૨ શ્રમિકોના મોત થયા છે, જ્યારે અનેક શ્રમિકો હજુ પણ જમીનની નીચે મલબામાં ફસાયેલા અને લાપતા છે. બલૂચિસ્તાનના ખાણ અને ખનીજ વિકાસ મંત્રી શોએબ નોશેરવાણીએ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે જાહેરાત કરી હતી કે રાજ્ય સરકાર વિસ્ફોટમાં જીવ ગુમાવનારા દરેક મજૂરના પરિવારને ૫ લાખ પાકિસ્તાની રૂપિયાનું વળતર આપશે. આ ઉપરાંત અધિકારીઓ ઘટનાના કારણોની સંપૂર્ણ તપાસ કરશે અને ખાણ સુરક્ષાના નિયમોની સમીક્ષા કરશે.

ચીફ ઈન્સ્પેક્ટર ઓફ માઈન્સ મોહમ્મદ આતિફે જણાવ્યું કે, બચાવ કામગીરી જમીનથી લગભગ ૪,૦૦૦ ફૂટ (૧,૨૧૯ મીટર) ની ઊંડાઈએ ચલાવવામાં આવી રહી છે. જમીનમાં વધુ ઊંડાઈ અને ઝેરી ગેસના ખતરાને કારણે રેસ્ક્યૂ ટીમોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

પાકિસ્તાન સેન્ટ્રલ માઈન્સ લેબર ફેડરેશન અને મજૂર યુનિયને આ ઘટના સામે આકરો વિરોધ નોંધાવ્યો છે. તેમણે સરકાર પાસે સુરક્ષા નિયમોનું સખત પાલન કરાવવાની અને



ખાણ સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરનારી કંપનીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### પૂર્વ રશિયન જાસૂસ આલિયા રોઝાનો ઘટસ્ફોટ

# રશિયા પાસે ભલભલાને વશમાં કરતું જાદુઈ સિક્રેટ પરફ્યૂમ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૩૧**


રશિયાની કુખ્યાત જાસૂસી એજન્સી કેજીબીએ એક સિક્રેટ પરફ્યૂમ વિકસાવ્યું છે. એ પરફ્યૂમ ગણતરીની સેકન્ડમાં જ ટાર્ગેટના દિમાગનો કબજો લઈ લે છે. રશિયાની પૂર્વ જાસૂસે આ દાવો કર્યો હતો કે રશિયાના વૈજ્ઞાનિકોએ વિકસાવેલું આ પરફ્યૂમનો ઉપયોગ મહિલા એજન્ટ્સ કરતી હતી. વૈજ્ઞાનિકોએ વર્ષોની મહેનત બાદ દુર્લભ જડીબુટ્ટીમાંથી ખાસ પ્રકારની સુગંધ ધરાવતું એક સિક્રેટ પરફ્યૂમ બનાવ્યું હતું. એ પરફ્યૂમનું એક બૂંદ ટાર્ગેટ માટે કાફી થઈ પડતું હતું. એ જેના સંપર્કમાં આવે તેના શરીરમાં પ્રાકૃતિક ફેરોમોન વધારી દે છે. આ સિડક્ટિવ સુગંધથી મહિલા એજન્ટ અંડરવર્લ્ડ ડોન કે દુશ્મન દેશના કોઈ મોટા અધિકારી સુધી પહોંચી જતી હતી અને પછી તેના દિમાગ પર ધીમે ધીમે કબજો કરીને પોતાના ધાર્યા સિક્રેટ કઢાવી શકતી હતી.

રશિયા માટે જાસૂસી કરી ચૂકેલી મહિલા જાસૂસ આલિયા રોઝાએ આ દાવો કર્યો હતો. આ પરફ્યૂમમાં એવો જાદુ હતો કે ટાર્ગેટ અધિકારી મહિલા જાસૂસની હની ટ્રેપમાં બરાબર ફસાઈ જતો હતો. એ તેનાથી શારીરિક રીતે આકર્ષિત તો થતો જ હતો, પરંતુ એના પર ભરોસો પણ મૂકવા માંડતો હતો. આ પરફ્યૂમનો ઉપયોગ રોમેન્ટિંગ હની ટ્રેપ માટે નહીં, પરંતુ મોટી મોટી બિઝનેસ ડીલ્સ અને ડિફેન્સ ડીલના નેઓગિએશનમાં પણ થતો હતો. આલિયાએ દાવો કર્યો હતો કે તેણે એ પરફ્યૂમનો ફોર્મુલા અમેરિકાની એક પરફ્યૂમ કંપનીને આપી દીધો છે કે જેથી અમેરિકા તેના જેવું પરફ્યૂમ બનાવીને નવી ફોર્મુલા વિકસાવી શકે.




### ડિસેમ્બરથી ફિલ્મનું શૂટિંગ શરુ થવાનું છે

# પરશુરામ બનવા વિક્કી કૌશલ ૨૫ કિલો વજન વધારશે




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

'મહાવતાર' ફિલ્મમાં પરશુરામની ભૂમિકા ભજવવા માટે વિક્કી કૌશલ પચ્ચીસ કિલો વજન વધારવાનો છે. અગાઉ ૨૦૨૫માં 'છાવા' ફિલ્મમાં છત્રપતિ સંભાજી મહારાજના પાત્રને ન્યાય આપવા વિક્કી કૌશલે તેનું વજન ૮૦ કિલોમાંથી વધારીને ૧૦૫ કિલો કર્યું હતું.

'મહાવતાર' ફિલ્મનું શૂટિંગ ડિસેમ્બરમાં શરૂ થવાનું છે. પણ તે પહેલાં ત્રણ મહિના પરશુરામના પાત્ર માટે વિક્કી કૌશલ વજન વધારવાની તૈયારીઓ કરવાનો છે. આ ફિલ્મમાં પરશુરામની ભૂમિકા ભજવવા માટે વિક્કી કૌશલ તેનું વજન ૨૫ કિલો વધારવા માટે તેના ફીટનેસ કોચ તેજસ લાલવાની સાથે ફરી કામ કરશે. લાલવાનીએ છાવામાં વિક્કીને વજન વધારી આપ્યું હતું. પરશુરામના પાત્રની અજેયતા અને અમરતાને અસરકારક રીતે ઉપસાવવા વિક્કી કૌશલ સઘન શારીરિક તાલીમ લેશે. વિક્કી કૌશલને તેનું વજન વધારવા માટે રોજ અઢીસોથી પાંચસો કેલરી ધરાવતો ખોરાક લેવો પડશે અને સ્નાયુઓને યોગ્ય રીતે વિકસાવવા માટે રોજ ફરજિયાત આઠ કલાકની ઉંઘ લેવી પડશે. વિક્કી કૌશલે પરશુરામની પરશુ ચલાવવા માટે પણ ખાસ તાલીમ લેવી પડશે.

## રેખાને IFFM 2026માં 'એક્સેલન્સ ઇન સિનેમા' એવોર્ડથી સન્માનિત કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

વિતેલા જમાનાનાં જાજરમાન અભિનેત્રી રેખાને ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઑફ મેલબર્ન (IFFM) 2026માં વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યાં છે. આ પ્રસંગે તેમને ભારતીય સિનેમામાં પાંચ દાયકાથી વધુ સમયનાં અસાધારણ યોગદાન બદલ 'એક્સેલન્સ ઈન સિનેમા' એવોર્ડથી નવાજવામાં આવશે. સાથે જ તેમની ક્લાસિક ફિલ્મ 'ઉમરાવ જાન'નું વિશેષ સ્ક્રીનિંગ પણ યોજાશે.

એવોર્ડ અંગે ખુશી વ્યક્ત કરતાં રેખાએ કહ્યું, "'ઉમરાવ જાન' ક્યારેય મારા જીવનથી દૂર ગઈ નથી. તે મારી યાદોમાં, મારી નિઃશબ્દ ક્ષણોમાં અને દર્શકોનાં દિલોમાં આજે પણ જીવંત છે. આ ફિલ્મને વૈશ્વિક મંચ પર ફરીથી સન્માન મળતું જોવું મારા માટે ભાવુક અને ગૌરવની ક્ષણ છે." તેમણે વધુમાં ઉમેર્યું કે, "સિનેમાએ મને જીવનમાં ઘણું આપ્યું છે. IFFM 2026માં મળતું આ સન્માન માત્ર મારી સફરનું જ નહીં, પરંતુ મારા જીવનને સમૃદ્ધ બનાવનારા ફિલ્મમેકર્સ, લેખકો, સંગીતકારો અને તમામ સહયોગીઓને પણ સમર્પિત છે."

IFFMની પરંપરા મુજબ 15 ઓગસ્ટે ભારતના 79મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે મેલબર્નમાં યોજાનારા ધ્વજવંદન સમારોહમાં રેખા ભારતીય તિરંગો ફરકાવશે. આ કાર્યક્રમમાં ભારતીય મૂળના લોકો, ઓસ્ટ્રેલિયન મહાનુભાવો, ફિલ્મમેકર્સ, કલાકારો અને સિનેપ્રેમીઓ ઉપસ્થિત રહેશે. આ અગાઉ આ પરંપરાગત સમારોહમાં ઋષિ કપૂર, આમિર ખાન, શબાના આઝમી, અનિલ કપૂર, રાની મુખર્જી, ઐશ્વર્યા રાય બચ્ચન, અભિષેક બચ્ચન, રામ ચરણ અને કરણ જોહર જેવા દિગ્ગજોએ ધ્વજવંદન કર્યું છે. ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઑફ મેલબર્ન 2026નું આયોજન 13થી 23 ઓગસ્ટ દરમિયાન ઓસ્ટ્રેલિયાના મેલબર્ન શહેરમાં થશે, જેમાં ભારતીય ફિલ્મ ઉદ્યોગનાં અનેક અગ્રણી કલાકારો અને ફિલ્મમેકર્સ ભાગ લેશે.

### ૧૬ વર્ષથી ગુમ થયેલા અભિનેતાને શોધી કાઢનારને ઈનામ

# બોલિવુડ અભિનેત્રીએ ૪ લાખના ઇનામ આપવાની જાહેરાત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સલમાન ખાનની એક્સ ગર્લફ્રેન્ડ સોમી અલી પોતાની પર્સનલ લાઈફ અને નિવેદનોના કારણે ચર્ચામાં છવાયેલી રહે છે. હવે ફરી એક વખત સોમી અલી ચર્ચામાં આવી છે. આનું કારણ તેની એક પોસ્ટ છે. પૂર્વ અભિનેત્રી અને એક્ટિવિસ્ટ સોમી અલી છેલ્લા ૧૬ વર્ષની ગુમ થેયલા અભિનેતા રાજ કિરણને શોધી રહી છે. તેમણે સોશિયલ મીડિયા પર એક લાંબી પોસ્ટ શેર કરતા ખુલાસો કર્યો કે, દિવંગત અભિનેતા ઋષિ કપુરને એક વચન આપ્યું હતુ કે, કિરણ રાજને શોધશે. જેને લઈ હવે સોમી અલીએ જાહેરાત કરી કે, તેને કોઈ પણ રાજ કિરણ સાથે જોડાયેલી જાણકારી આપશે. તેને ૪ લાખનું ઈનામ આપશે.

બોલિવુડના જાણીતા અભિનેતા રાજ કિરણ ૨૦૦૦ના દશકની શરૂઆતથી ગુમ છે અને તેમનો કેસ હજુ પણ બોલીવુડના સૌથી મોટા વણઉકેલાયેલા રહસ્યોમાંનો એક માનવામાં આવે છે. આટલા વર્ષોથી ગુમ હોવા છતાં, સોમી અલી હજુ પણ તેમને શોધી રહી છે અને સોશિયલ મીડિયા પર એક લાંબી પોસ્ટ શેર કરી છે.

સોમી અલીએ ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ શેર કરતા કહ્યું કે, તેને શોધવાની વાત ઋષિ કપુરની સાથે થયેલી એક વાતચીતમાં થઈ હતી. બંને ફિલ્મ કર્ઝના શૂટિંગ દરમિયાન જુની યાદો તાજા કરી રહ્યા હતા. આ દરમિયાન રાજ કિરણનો ઉલ્લેખ થયો હતો. જેમણે ઋષિ કપુરની સાથે કામ કર્યું હતુ. વાતચીત દરમિયાન બંનેએ રાજ કિરણને અચાનક ગુમ થવાની ચર્ચા કરી અને શોધવાનો નિર્ણય લીધો હતો.

વર્ષ ૨૦૨૦માં ઋષિ કપુરનું નિધન થયું છે અને રાજ કિરણને શોધી શકી નથી. પરંતુ સોમી અલીએ જણાવ્યું કે, તે એકલી આ અભિનેતાને શોધશે. આ પોસ્ટના કેપ્શનમાં સોમી અલીએ લખ્યું એક શૂટ દરમિયાન મે ચિંટુજીને વચન આપ્યું હતુ કે હું રાજ કિરણને શોધવાનું કામ ક્યારેય છોડીશ નહી, આ મારું ૧૬મું વર્ષ છે. મને ન્યૂ યોર્કમાં એક એપાર્ટમેન્ટ મળ્યું, જ્યાં ફ્રન્ટ ડેસ્ક પર બેઠેલા વ્યક્તિએ કહ્યું કે તેમણે રાજ કિરણને ક્યારેય જોયો નથી, પરંતુ તેનો ભાઈ ગોવિંદ, ગોવિંદની પત્ની જુડી અને તેમની પુત્રી ૧૧ વર્ષથી ત્યાં રહેતા હતા. મેં તેમના પરિવારના દરેક સભ્યનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ કોઈ ફાયદો થયો નહીં. આ ફક્ત ચિન્ટુજીને આપેલું વચન નથી, પરંતુ અમે તેના સ્વાસ્થ્ય અને તેમને કેદમાં રાખવામાં આવ્યા છે કે કેમ તે અંગે પણ ચિંતિત છીએ. જોકે ઈનામ મોટું નથી, જો કોઈ તેમના ચોક્કસ સ્થાન વિશે માહિતી આપી શકે. પછી ભલે તે માનસિક સ્વાસ્થ્ય સુવિધા હોય કે એપાર્ટમેન્ટ તો તેમને ઈનામ આપવામાં આવશે. કૃપા કરીને મદદ કરો.

### લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે સીધો સંબંધ નથી

# આમિર ખાનને ધમકી મુદ્દે સાયબર પોલીસનો ખુલાસો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલીવુડના સુપરસ્ટાર આમિર ખાનને કથિતપણે લોરેન્સ બિશ્નોઇ ગેંગના નામે મળેલી ધમકીના મામલામાં મુંબઈ સાઈબર પોલીસની તપાસમાં કેટલીક મહત્વની જાણકારી આપવામાં આવી છે. પ્રાથમિક તપાસ અનુસાર વાયરલ ઓડિયો ક્લિપ અને સોશિયલ મીડિયા પોસ્ટ સીધી રીતે લોરેન્સ બિશ્નોઇ ગેંગથી જોડાયેલા હોવાના સંકેત મળ્યા નથી.




તપાસમાં જાણવા મળ્યું હતું કે, ધમકી મોકલવા માટે સ્વીડન સ્થિત વીપીએન (વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક) અને ટોર બ્રાઉઝરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેનાથી આરોપીએ પોતાની સાચી ઓળખ અને લોકેશન છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસને શંકા છે કે કોઈ અજાણ્યા આરોપીએ લોરેન્સ બિશ્નોઇ ગેંગના નામનો ઉપયોગ કરીને ડર પેદા કરવાના પ્રયત્નો કર્યા છે. સંદિગ્ધ આરોપી પોતાનું આઈપી એડ્રેસ અને પોતાનું યુઝરનેમ વારંવાર બદલાવી રહ્યો છે. આ જ કારણ છે કે પોલીસને આ કોઈ સંગઠિત ગેંગની જગ્યાએ કોઈ હિંસક કે સ્વતંત્ર અપરાધીનું કૃત્ય લાગ્યું હતું.

મળતી માહિતી અનુસાર આમિર ખાનને એ ધમકી સોશિયલ મીડિયા પર 'ટાઈસન બિશ્નોઇ' અને 'આરઝૂ બિશ્નોઇ' નામના યુઝર અકાઉન્ટથી પ્રાપ્ત થઇ હતી. વાયરલ ઓડિયોમાં આમિર ખાન પર 'લવ જેહાદ'ને પ્રોત્સાહન આપવા અને સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિ વિરુદ્ધ કાર્ય કરવા જેવા આરોપ લગાવતા પાઠ ભણાવવાની ધમકી આપવામાં આવી હતી. પોલીસે સ્પષ્ટ કર્યું હતું કે, અત્યાર સુધીમાં આ મામલે સત્તાવાર રીતે કોઈ નિષ્કર્ષ કાઢવામાં આવ્યો નથી.

મુંબઈ સાઈબર પોલીસ દરેક પાસાઓની બારીકાઈથી તપાસ કરી રહી છે, જેમાં લોરેન્સ બિશ્નોઇ ગેંગની સંડોવણી છે કે પછી કોઈએ ગેંગના નામનો દુરુપયોગ કરીને બનાવટી ધમકી આપી છે, તેની પણ તપાસ ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરના આમિર ખાનના ત્રીજા લગ્ન બાદ અમુક સંગઠનો અને નેતાઓએ તેના પર 'લવ જેહાદ'ને પ્રોત્સાહન આપવાના આરોપ લગાવ્યા હતા. આમિર ખાને અગાઉ જ સ્પષ્ટતા કરી હતી કે, તેમના દરેક લગ્ન સ્પેશ્યલ મેરેજ એક્ટ હેઠળ થયા છે અને તેમની કોઈ પણ પત્નીએ ધર્મ પરિવર્તન કર્યું નથી. હાલમાં સાઈબર પોલીસ ધમકી આપનારાની સાચી ઓળખ સુધી પહોંચવા માટે ડિજિટલ પુરાવાઓની ઊંડી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# વાપી ડુંગરા પોલીસે મોબાઈલ સ્નેચિંગ કરતા આરોપીને ઝડપી પાડ્યો



## આરોપી આનંદ ઉર્ફે ગુડ્ડુ અશોકભાઈ પટેલ રહે.લવાછાની પોલીસે ધરપકડ કરી ૪ મોબાઈલ રીકવર કર્યા

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૧:** વાપી ડુંગરા પોલીસે રીઢા મોબાઈલ સ્નેચિંગ કરતા આરોપીને ઝડપી પાડ્યો છે. આરોપી પાસેથી સ્નેચીંગ કરેલા ચાર મોબાઈલ પણ રિકવર કરી ગુનાનો ભેદ ઉકેલવાની પોલીસને સફળતા મળી છે.

વાપી ડુંગરા પોલીસમાં ગત તા.૨૬ જુલાઈના રોજ ફરિયાદીએ મોબાઈલ સ્નેચિંગ થયાની ફરિયાદ નોંધાવીહ તી. ફરિયાદી દાદરા ચેકપોસ્ટ પાસેથી પસાર થતો હતો ત્યારે તેના હાથમાં રહેલો રિયલ મી કંપનીનો આશરે કિંમત રૂા.૩૦ હજારનો મોબાઈલ ઝુંટવી આરોપી ફરાર થઈ ગયો હતો. ફરિયાદ બાદ ડુંગરા પોલીસે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સિંગ ઈન્ટેલીજન્સની મદદથી તપાસ હાથ ધરીને ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. આરોપી આનંદ ઉર્ફે ગુડ્ડુ અશોકભાઈ ધો. પટેલ ઉ.વ.૨૦ રહે.લવાછા ગોદામ ફળીયા, સ્ટુડન્ટ એચિવમેન્ટ ઈંગ્લીશ સ્કૂલની ધરપકડ કરી હતી. આરોપી પાસેથી અન્ય ૪ ચોરેલા મોબાઈલ પણ પોલીસે રિકવર કર્યા હતા.

# કાવેરી નદીમાં જળસ્તર વધતાં પ્રતાપનગરના નીચાણવાળા વિસ્તારોમાંથી ૬૦ લોકાનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું





-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૩૧**
નવસારી જિલ્લામાં તેમજ ઉપરવાસમાં સતત થઈ રહેલા ભારે વરસાદના પગલે કાવેરી નદીના જળસ્તરમાં વધારો નોંધાતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે અસરગ્રસ્ત વિસ્તારોમાં આગોતરા પગલાં લેવામાં આવ્યા છે.

કાવેરી નદી કિનારે આવેલ પ્રતાપનગર ગામના નીચાણવાળા પારસી ફળિયા, નદી ફળિયા અને ટેકરા ફળિયામાં રહેતા કુલ ૬૦ જેટલાં લોકોને ટીમ દ્વારા સુરક્ષિત આશ્રયસ્થાનોમાં સફળતાપૂર્વક સ્થળાંતરિત કરવામાં આવ્યા છે.

સ્થળાંતરની કામગીરી દરમિયાન સ્થાનિક તંત્ર, પોલીસ, ગ્રામ પંચાયત તથા અન્ય સંબંધિત વિભાગોએ પરસ્પર સંકલન સાથે કામગીરી કરી હતી. સ્થળાંતરિત થયેલા લોકોને જરૂરી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગ્રામજનાને નદી કે પાણી ભરાયેલા વિસ્તારોની નજીક ન જવા, અફવાઓથી દૂર રહેવા તથા તંત્રની સૂચનાઓનું પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. સાથે જ ગ્રામ્ય ટીમોને સતત સતર્ક રહી પરિસ્થિતિ પર નજર રાખવા અને જરૂર જણાય તો તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે.

# વાપી કેબીએસ અને નટરાજ કોલેજના વિદ્યાર્થીએ આંતરરાષ્ટ્રીય ચેસ ટુર્નામેન્ટમાં પુરસ્કાર જીત્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૧**
ચણોદ કોલોની સ્થિત વાપીની કેબીએસ અને નટરાજ કોલેજ ગર્વથી જાહેરાત કરે છે કે શ્રી ક્રિશઠાકુર, F.Y.B.Com.ના વિદ્યાર્થી, ગુજરાતના વડોદરા ખાતે આયોજિત પહેલી જ્યોતિ CNC ઈન્ટરનેશનલ ક્લાસિકલ ચેસ ટુર્નામેન્ટમાં બેસ્ટ અનરેટેડ કેટેગરીમાં ત્રીજો પુરસ્કાર મેળવ્યો. આ ટુર્નામેન્ટે ભારત અને વિદેશના ૫૦૦ થી વધુ પ્રતિભાશાળી ચેસ ખેલાડીઓને આકર્ષ્યા, જેનાથી ઉભરતા અને અનુભવી ખેલાડીઓ માટે ખૂબ જ સ્પર્ધાત્મક પ્લેટફોર્મ પૂરું પાડ્યું. ક્રિશ ઠાકુરના નોંધપાત્ર પ્રદર્શન અને વ્યૂહાત્મક ગેમપ્લેને કારણે તેમને બેસ્ટ અનરેટેડ કેટેગરીમાં ઓળખ મળી, જેનાથી કોલેજ માટે ગૌરવ વધ્યું. રમત અને ટુર્નામેન્ટ માટેનું સમગ્ર માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન કોલેજના શારીરિક શિક્ષણના મદદનીશ પ્રાધ્યાપક ડૉ.મયુર પટેલ તેમજ રમતગમત વિભાગના મદદનીશ શ્રી રોહિતસિંહ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું.

આમ રાષ્ટ્રીય કક્ષાએ કોલેજનું નામ રોશન કરવા બદલ મેનેજમેન્ટ, પ્રિન્સિપાલ ડૉ. પૂનમ બી. ચૌહાણ, ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓએ ક્રિશ ઠાકુરને તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેઓએ તેમના સમર્પણ, શિસ્ત અને રમતગમતની પ્રશંસા કરી અને ભવિષ્યની રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ચેસ સ્પર્ધાઓમાં તેમને સતત સફળતા મળે તેવી શુભેચ્છા પાઠવી હતી.

### નારી વંદન સપ્તાહ અંતર્ગત

# ભીલાડ ખાતે મહિલા સુરક્ષા દિવસ નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૩૧**
રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના માર્ગદર્શન હેઠળ તથા વલસાડ જિલ્લા વહીવટી તંત્રના સંકલનથી ઉજવાઈ રહેલા ''નારી વંદન સપ્તાહ'' અંતર્ગત તા.૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ''મહિલા સુરક્ષા દિવસ'' નિમિત્તે આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ભિલાડ ખાતે મહિલા સુરક્ષા અને સશક્તિકરણ વિષયક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં મહિલાઓ અને યુવતીઓની સુરક્ષા, તેમના કાનૂની અધિકારો, કાર્યસ્થળે મહિલાઓના યૌન ઉત્પીડન નિવારણ અધિનિયમ, ૨૦૧૩ (POSH Act), ઘરેલુ હિંસા નિવારણ કાયદો તેમજ મહિલા હેલ્પલાઈન ૧૮૧ સહિત મહિલાઓ માટે ઉપલબ્ધ વિવિધ સહાય સેવાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવશે.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત વિદ્યાર્થીનીઓ, વિદ્યાર્થીઓ તથા શિક્ષકગણને મહિલા સુરક્ષા અને સશક્તિકરણ સંબંધિત વિવિધ સરકારી યોજનાઓ, કાનૂની જોગવાઈઓ અને સહાય સેવાઓ અંગે માહિતગાર કરવામાં આવશે તથા મહિલાઓના અધિકારો અને સુરક્ષા પ્રત્યે જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવશે.

જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નારી વંદન સપ્તાહ દરમિયાન મહિલાઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણને પ્રોત્સાહન મળે તે હેતુસર વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# અંભેટી ગામે પૂરપીડિતોને જીવનજરૂરી કીટનું વિતરણ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૩૧**
અંભેટી ગામે પુરગ્રસ્ત લોકોના વ્હારે લાયન્સ ક્લબ ઓફ પારડી પર્લ, દમણ યુવા મિત્રો તથા રેડ કોસ સોસાયટી વલસાડ દ્વારા જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સાથેની કિટ વિતરણ કરવામાં આવી હતી.





અતિભારે વરસાદને કારણે સમગ્ર વલસાડ જિલ્લો પૂરની ઝપેટમાં આવી ગયો છે. કાચા પાકા મકાનમાં રહેતા લોકોથી માંડીને મોટા બંગલામાં રહેતા લોકો ભયંકર આપદામાં મુકાઈ ગયા છે. ઘરની અંદર રાખેલ કપડાં, માલસામાન ,રાશન વગેરે તમામ ચીજવસ્તુઓ પાણી સાથે વહી ગઈ છે. માંડ માંડ પહેરેલાં કપડાં સાથે જીવ બચાવીને જીવતા રહેલ લોકોને વ્હારે લાયન્સ ક્લબ ઓફ પારડી પર્લ તથા કર્તવ્ય ચેરીટેબલ ટ્રસ્ટ, દમણ યુવા મિત્રો, ઈન્ડિયન રેડ કોસ સોસાયટી વલસાડ દ્વારા છેલ્લા બે દિવસથી અંભેટી મુકામે વરસાદી પૂરનો ભોગ બનેલા ૩૦થી વધુ કુટુંબોને અનાજ, કપડા તેમજ વાસણો, દવા વગેરેની મદદ પૂરી પાડી છે. જેમાં લાયન્સ ક્લબ પારડી પર્લના સેક્રેટરી લા.ડો.જિજ્ઞાબેન ગરાસિયા દ્વારા મોટી મદદ કરવામા આવી છે.

આ ઉપરાંત ક્લબના પ્રેસિડેન્ટ લા.પ્રેમલસિંહ ચૌહાણ, ખજાનચી લા.ભરતભાઈ દેસાઈ ઉપરાંત ક્લબના સભ્ય એવા લા.શાંતિલાલ પટેલે પોતાનો ફાળો નોંધાવ્યો છે. તેવીજ રીતે કર્તવ્ય ચેરીટેબલ ટ્રસ્ટના નિતિન પટેલનો પણ ખુબજ મોટો ફાળો રહ્યો છે. દમણ યુવા મિત્રાના આસુતોષભાઈની ટીમ દ્વારા કપડાં તેમજ બિસ્કીટ પેકેટ વિતરણ કરાયા હતા.

ગત રોજ. લા.ડો.જિજ્ઞાબેન ગરાસિયાના સૌજન્યથી બગવાડા ખાતેના પૂરપીડિતો માટે કપડા તેમજ અન્ય જરૂરી સામગ્રી પહોંચાડવામાં આવી હતી. તેવીજ રીતે ઈન્ડિયન રેડ કોસ સોસાયટી વલસાડ દ્વારા પણ અંભેટી ગામે ૩૦ જેટલા પરિવારોને કિચન સામગ્રી તેમજ તાડપત્રી ડોલ જેવી રોજીંદા જીવન જરૂરિયાતની વસ્તુઓ સાથેની કિટ વિતરણ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં લાયન્સ મેમ્બર્સ, ડોક્ટર્સ, કર્તવ્ય ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યો, વલસાડ રેડ કોસ સોસાયટીના ડો.યઝદી ઈટાલિયા, ડો. હર્ષિત વિગેરે મેમ્બર્સ પરિસ્થિત રહી સેવા બજાવી હતી.

# અલુણા વ્રત નિમિત્તે ચીખલીની રાનકુવા શાળામાં 'ગ્રીન ગૌરી વ્રત' થીમ સાથે સર્જનાત્મકતાનો રંગ ખીલ્યો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૩૧**
મહેંદી, કેશગુંફન, આરતી શણગાર, સાડી પરિધાન સહિતની વિવિધ સ્પર્ધાઓમાં ધોરણ ૯થી ૧૨ના ૨૬૭ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર સહભાગી. ૨૭ તારીખથી ૩૦ તારીખ સુધી અલૂણા વ્રત નિમિત્તે રોજરોજ જુદી જુદી થીમ આધારિત આયોજન એ આ વર્ષની ગૌરી વ્રત સ્પર્ધાનું મુખ્ય આકર્ષણ હતું.

શ્રી બી.એલ.પટેલ સર્વ વિદ્યામંદિર, રાનકુવા ખાતે અલુણા વ્રત નિમિત્તે ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે પર્યાવરણના થીમ સાથે વિવિધ સર્જનાત્મક અને કલાત્મક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા, તેમની સર્જનાત્મકતાને પાંખો આપવા તેમજ આત્મવિશ્વાસમાં વધારો કરવાના ઉદ્દેશથી યોજાયેલી આ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

શાળાના આચાર્યશ્રી સંજયકુમાર ડી.પરમારના માર્ગદર્શન હેઠળ સુપરવાઈઝરશ્રી વૈશાલીબેન નાયક અને મયુરીબેન પટેલ તથા શિક્ષક-શિક્ષિકા બહેનોના સહયોગથી આ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું.

ખાસ કરીને આ વર્ષે વિવિધ સ્પર્ધાઓમાં 'પર્યાવરણ સંરક્ષણ અને પર્યાવરણ જાગૃતિ'ને કેન્દ્રસ્થાને રાખવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પોતાની કલ્પનાશક્તિ અને કૌશલ્ય દ્વારા પર્યાવરણ પ્રેમનો સુંદર સંદેશ રજૂ કર્યો હતો.

આ પ્રસંગે મહેંદી સ્પર્ધા 'હાથમાં હરિયાળી હૃદયમાં ગૌરી'ની થીમ સાથે હાથમાં લીલતરીનો સંકલ્પ અને હૃદયમાં મા ગૌરી પ્રત્યે શ્રદ્ધા-આ અલૂણા વ્રત માત્ર પરંપરા નથી પરતુ પ્રકૃતિ પ્રેમ સંસ્કાર, સદ્ભાવ અને સમૃદ્ધ જીવનની સુંદર અભિવ્યક્તિ જોવા મળી. ૬૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઉ.મા.વિ.માં પ્રથમ ક્રમે રેશમા જમરૂદીન અન્સારી ૧૨(બાયો) અને મા.વિભાગમાં પ્રથમ ક્રમે મનાલી સંદીપભાઈ પટેલ ૯-બ કન્વીનર તરીકે સપનાબેન, ફરહીનબેન અને યોગીતાબેન હતા.

કેશ ગુંફન સ્પર્ધા 'પરંપરાગત કલાત્મકતા અને સર્જનાત્મકતા, કુદરતી ફુલોથી કેશ શણગારની' થીમ સાથે સુંદરતા પણ કુદરતી સંદેશ પણ પર્યાવરણ મૈત્રી સાથે કુદરતની સુંદરતા અને સર્જનાત્મકતાનો અનોખો સંગમ એટલે ઈકો ફ્રેન્ડલી કેશ ગુંફન. ફૂલ, પાન,વેલ અને કુદરતી સામગ્રીથી સજાવેલી કેશ બુધણી પર્યાવરણ પ્રત્યે પ્રેમનો સુંદર સંદેશ સાથે ૩૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. ઉ.મા.વિભાગમાં પ્રથમ ક્રમે જીયા વસંતભાઈ પટેલ ૧૧(મેથ્સ બાયો) માધ્યમિક વિભાગમાં પ્રથમ ક્રમે પ્રિયાંશી જી.તલાવિયા ૯-એ કન્વીનર-જ્યોતિબેન, ધર્મિષ્ઠાબેન અને મિતલબેન.

આરતી શણગાર સ્પર્ધા 'આસ્થા હૃદયમાં સંસ્કૃતિ જીવનમાં અને દિવ્યતા દરેક ક્ષણે.'આરતી શણગારમાં કુદરતી વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવ્યો. ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૬ હતી ઉ.મા..વિ.પ્રથમ ક્રમે ખુશી ભૂપેન્દ્રભાઈ પટેલ ૧૨ બાયોલોજી અને મા.વિભાગમાં નેન્સી હેમંતભાઈ પટેલ ૧૦-સી કન્વીનર જિજ્ઞાસાબેન ખ્યાતીબેન અને શીતલબેન.

સાડી પરિધાન સ્પર્ધા : 'શ્રદ્ધા સંસ્કાર અને સૌંદર્ય'ની થીમ સાથે પરંપરાનો પર્વ સંસ્કૃતિના શણગાર એટલે સાડીમાં સંસ્કૃતિ, શણગારમાં શાલીનતા અને વ્યક્તિમાં ભારતીય નારીનું ગૌરવ પ્રદાન કરતી ૧૪૬ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. પ્રથમ ક્રમે ઉ.માધ્યમિક વિભાગમાં મિતાલી ગણેશભાઈ પટેલ ૧૧બી

માધ્યમિક વિભાગમાં નેન્સી શંકરભાઈ પટેલ ૧૦-સી.કન્વીનર નલીની બેન કૈલાસબેન અને જીનલબેન હતા.

દરેક સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ, ઉમંગ અને સર્જનાત્મકતાનું અનોખું પ્રદર્શન કર્યુ હતું. વિશેષ નોંધપાત્ર બાબત એ રહી કે આ સ્પર્ધાઆમાં માત્ર વિદ્યાર્થીનીઓજ નહીં, પરંતુ વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈને પોતાની પ્રતિભાનો પરિચય કરાવ્યો હતો.

શાળાના શિક્ષક-ઉપશિક્ષક અને શિક્ષિકા બહેનો દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપી તેમની અંદર રહેલી વિવિધ પ્રતિભાઓને યોગ્ય મંચ પૂરૂ પાડવામાં આવ્યું હતું. શિક્ષકોના પ્રોત્સાહનથી વિદ્યાર્થીઓએ નિર્ભયતાથી પોતાની સર્જનાત્મકતા રજૂ કરી હતી.

આ સમગ્ર આયોજનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને માત્ર પાઠ્યપુસ્તકના શિક્ષણ સુધી સીમિત ન રાખી તેમની કલાત્મક, સર્જનાત્મક, સામાજિક અને વ્યવહારૂ ક્ષમતાઓનો વિકાસ કરવાનો હતો. સાથે સાથે પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલતા કેળવી 'સ્વચ્છ અને હરિત પર્યાવરણ'નો સંદેશ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનો પણ સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. અલુણા વ્રત નિમિત્તે યોજાયેલી આ વિવિધ સ્પર્ધાઓથી શાળા પરિસરમાં ઉત્સાહ અને સર્જનાત્મકતાનો માહોલ છવાઈ ગયો હતો. વિદ્યાર્થીઓના ઉત્સાહભેર સહભાગથી સમગ્ર કાર્યક્રમ સફળ અને યાદગાર બન્યો હતો. આ આયોજન વિદ્યાર્થીઓની પ્રતિભાને ઉજાગર કરતું તેમજ પરંપરા, સંસ્કૃતિ, સર્જનાત્મકતા અને પર્યાવરણ જાગૃતિનો સુંદર સંગમ સાબિત થયું હતું.

# ઉમરગામ વિસ્તારમાં વિશ્વ હિંદુ પરિષદે પૂર પીડિતોને રાહત સામગ્રીનું વિતરણ કર્યું








**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૧**
વિશ્વ હિંદુ પરિષદ વલસાડ જિલ્લા અને ઉંમરગામ પ્રખંડ ટીમ દ્વારા ઉંમરગામ તાલુકામાં પૂર પ્રભાવિત વિસ્તારમાં ખતલવાડ ઢેકુ ખાડી પાસે, સંજાણ બંદર પાસે નદી કાંઠા વિસ્તારમાં, અણગામ તરાઈ ફળિયા, પૂનાટ નાહુલી માહ્યાવંશી ફરીયા રોહિતવાસ ખાતે વિહિપના પદાધિકારીઓ વિભાગના શ્રી પિયુષ શાહ, જિલ્લાના શ્રી અંકિત શાહ, તાલુકાના શ્રી હિતેષ પૂનમીયા, શ્રી રામભૂવન વિશ્વકર્મા, શ્રી વિમલ કામળી, શ્રી વિશાલભાઈ, શ્રી ગ્રીજેશ યાદવ, તા.પં. સભ્યશ્રી જીગ્નેશ માછી, શ્રી ગૌતમ કિતાવત, રાજેશ નાવી, શ્રી રૂપેશ માહ્યાવંશી સહિત કાર્યકર્તાઓએ જય જય શ્રીરામ વંદે માતરમ્ સાથે દરેક વિસ્તારમાં અનાજકીટ, તાડપત્રી, ધાબળા, નોટબુક, પેન્સિલસેટ સામગ્રીનું વિતરણ કરી ગરીબ પરિવાર તરફથી આશીર્વાદ મળ્યા હતા અને આવા જ સેવાના કામ કરતા રહો એવી શુભેચ્છા આપી હતી.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM OLD NAME : TINABEN DIPAK CHOPADIA TO **NEW NAME : TINABEN DEEPAK CHOPADIA**
ADDRESS : FLAT NO 105, GREEN COMPLEX, OP ADIVASHI BHAVAN, SILVASSA, DADRA & NAGAR HAVELI 396230

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM OLD NAME : DIPAK SHIVAJI CHOPADIA TO **NEW NAME : DEEPAK SHIVAJI CHOPADIA**
ADDRESS : FLAT NO 105, GREEN COMPLEX, OP ADIVASHI BHAVAN, SILVASSA, DADRA & NAGAR HAVELI 396230

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM RAHULKUMAR RAMESHCHANDRA SIRJA TO **RAHUL RAMESHCHANDRA SIRJA** AS PER DOCUMENT
**ADDRESS :** FLAT NO. A-203 TIRUPATI RESIDENCY, NEAR BALAJI TEMPLE, AMLI, SILVASSA - 396230

**સરકારી ઈજનેરી કોલેજ, વારકુંડ, નાની દમણ - ૩૯૬૨૧૦**

સરકારી એન્જિનિયરિંગ કોલેજ, દમણ ખાતે નીચે મુજબની જગ્યાઓ 'વિઝિટિંગ' (મુલાકાતી) ધોરણે ભરવાની છેઃ -

1. ૦૧ -સિવિલ એન્જિનિયરિંગ માં સહાયક અધ્યાપક
2. ૦૧ -કમ્પ્યુટર એન્જિનિયરિંગ માં સહાયક અધ્યાપક
3. ૦૧ -ઇલેક્ટ્રોનિક્સ અને કૉમ્યૂનિકેશન એન્જિનિયરિંગ માં સહાયક અધ્યાપક

No.1.2-EST-GEC/Visiting/Volume-III /2026-27/ 418 dated:30/07/2026

https://ddd.gov.in/
www.govtenggcollegedaman.org.in

શરૂઆતની તારીખ: 01/08/2026
અંતિમ તારીખ::31/08/2026

No. IP/DMN/2/5/2026-27/384, Dated: 31/07/2026

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરોઃ**
**સંજય તાડા - ૯૯૨૪૪ ૬૬૮૯૯ / સુરેશ ઉમતિયા- ૯૮૨૫૯ ૮૯૪૪૪**

વર્તમાન પ્રવાહ

વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# હવામાન વિભાગ દ્વારા વલસાડ જિલ્લામાં કરાયેલ બે દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહીના પગલે તંત્ર સજ્જ

**પૂર અથવા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિને પહોંચી વળવા માટે આપત્તિ વ્યવસ્થાપનની ટીમો સાધન-સામગ્રી સાથે સજ્જઃ ડિઝાસ્ટર રેસ્ક્યૂ ટીમોને સ્ટેન્ડ-બાય રખાઈઃ લોકોને સતર્ક રહેવા પ્રશાસનની અપીલ**







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૩૧**

વલસાડ જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા બે દિવસ ભારે વરસાદની કરવામાં આવેલી આગાહીના પગલે વહીવટી તંત્ર દ્વારા પૂર્વ તૈયારીઓ કરી લીધી છે. જિલ્લા કલેક્ટરશ્રી નીતિન સાંગવાનના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર વહીવટી તંત્ર સજ્જ છે. સ્થિતિને પહોંચી વળવા માટે પ્રશાસન દ્વારા તમામ પૂર્વતૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

પૂર અથવા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિને પહોંચી વળવા માટે આપત્તિ વ્યવસ્થાપનની ટીમોને સાધન-સામગ્રી સાથે સજ્જ રાખવામાં આવી છે. નદી કિનારાના અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ખાસ દેખરેખ રાખવામાં આવી રહી છે. બોટ, લાઈફ જેકેટ, દોરડા, કટર અને લાઈટિંગ સિસ્ટમ જેવા અદ્યતન બચાવ સાધનો સાથે ડિઝાસ્ટર રેસ્ક્યૂ ટીમોને સ્ટેન્ડ-બાય રાખવામાં આવી છે. મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, ગ્રામ્ય વિસ્તારોમાં કોઈપણ પરિસ્થિતિ ઉભી થાય તેને પહોંચવી વળવા વાહનો, જેસીબી, ટ્રેક્ટરો, સહિતના સાધનો તૈયાર રાખવામાં આવ્યા છે. જિલ્લામાં તેનાત કરવામાં આવેલી એનડીઆરએફની ટીમોએ પણ નીચાણવાળા વિસ્તારોની મુલાકાત લઈ પાણી ભરાવાની સ્થિતિમાં કેવી રીતે કામગીરી કરવી તેનું અસેસમેન્ટ કર્યું હતું.

વહીવટી તંત્ર દ્વારા સંવેદનશીલ અને નીચાણવાળા વિસ્તારોમાં વસતા લોકોને અગમચેતીના ભાગરૂપે જાગૃત કરવામાં આવી રહ્યા છે. લાઉડસ્પીકરના માધ્યમથી નાગરિકો સુધી જરૂરી સૂચનાઓ પહોંચાડવામાં આવી રહી છે, જેથી કોઈ અફવા ન ફેલાય અને લોકો સુરક્ષિત રહે. વહીવટી તંત્ર દ્વારા અપાતી સત્તાવાર સૂચનાઓનું પાલન કરવા પણ જિલ્લાની જનતાને અનુરોધ કરવામાં આવી રહ્યો છે.

વલસાડ જિલ્લા વહીવટી તંત્ર નાગરિકોની સુરક્ષા માટે ૨૪ કલાક કાર્યરત છે અને કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સંપૂર્ણ સજ્જ છે.

## વાપી મનપાની સામાન્ય સભા તોફાની બની

# વિરોધ પક્ષના નેતા અને કમિશનર વચ્ચે ભારે બોલાચાલી થતાં માહોલ ગરમાયો

**વિરોધ પક્ષના નેતા પીરૂ મકરાણી અને કમિશનર આમને સામને આવી ગયા હતા**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૧**

વાપી મહાનગરપાલિકાની આજે શુક્રવારે સામાન્ય સભા યોજાઈ હતી. સામાન્ય સભામાં કમિશ્નર અને વિરોધ પક્ષના નેતા વચ્ચે બોલાચાલી થતા માહોલ ગરમાઈ ગયો હતો.

વાપી મનપાની સામાન્ય સભામાં વરસાદ પૂરની ચર્ચા પ્રશ્નોત્તરી ચાલી રહી હતી ત્યારે કમિશનરે કોઈ મામલે વિરોધ પક્ષ સાથે કાનૂની કાર્યવાહી કરવાની વાત ઉચ્ચારતા મામલો ઉગ્ર બની ગયો હતો. વિરોધ પક્ષના નેતા પીરૂ મકરાણી અને કમિશનર વચ્ચે ભારે શાબ્દિક ઝપાઝપી થઈ હતી. વિરોધ પક્ષના અન્ય ૧૧ જેટલા કોર્પોરેટરો પણ જોડાતા મામલો વધુ બિચકાયો હતો. અંતે ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈએ દરમિયાનગીરી કરીને મામલો માંડ માંડ થાળે પાડ્યો હતો. સભામાં ઉપપ્રમુખ મિતેશ દેસાઈએ દાવો કર્યો હતો ૧૯૭૦ પછી પ્રથમવાર એક સાથે ૩૬ ઈંચ વરસાદ પડ્યો તોયે શહેરમાં નહીવત પાણી ભરાયુ હતું. બાજુમાં બેઠેલા કારોબારી ચેરમેન સતિષ પટેલે જણાવ્યું હતું કે, એક જ દિવસમાં ૩૩૭૪ અસરગ્રસ્તોને સહાય પુરી પાડી હતી. છતાં પણ વોટરની સમસ્યા હોય તો મનપાને જાણ કરો.

# ગણદેવીના ગણદેવા ગામે જીવંત તાર ટેમ્પોના સંપર્કમાં આવી જતા ૧૦ને કરંટ લાગ્યોઃ ત્રણ યુવકના કરૂણ મોત

**નહેર ફળીયામાં રહેતા કલ્પેશ હળપતિ, નિતિન હળપતિ અને જીગર હળપતિ નામના ત્રણ યુવાનના ઘટના સ્થળે મોતઃ બીજા અન્યો સારવાર હેઠળ**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૧**

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં આવેલ ગણદેવા ગામે આજે શુક્રવારે કમકમાટી ભરી ઘટના સર્જાઈ હતી. ગામના હટવાડા ફળિયામાંથી ટેમ્પો પસાર થઈ રહ્યો હતો, ત્યારે જીવંત તાર રસ્તામાં પડ્યો હતો. ટેમ્પો તારના સંપર્કમાં આવી જતા ટેમ્પોમાં સવાર ૧૦ લોકને કરંટ લાગ્યો હતો. જેમાં ત્રણ યુવાનોનું ઘટના સ્થળે કરૂણ મોત થતાં ગામના અરેરાટી ફેલાઈ હતી. અન્ય ઘાયલોને સારવાર માટે ગણદેવીની ખારેલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા.

ગણદેવા ગામે આજે સવારે હટવાડા ફળિયામાંથી ટેમ્પો પસાર થઈ રહ્યો ત્યારે રસ્તામાં પડેલ જીવંત વિજતાર ટેમ્પોના સંપર્કમાં આવ્યો હતો. ટેમ્પોમાં સવાર તમામ ૧૦ લોકોને કરંટ લાગ્યો હતો. તે પૈકી નહેર ફળીયામાં રહેતા કલ્પેશ અરૂણભાઈ હળપતિ (ઉ.વ.૨૫), નિતીન વિનોભાઈ હળપતિ (ઉ.વ.૩૫) તથા જીગર નિતિનભાઈ હળપતિ (ઉ.વ.૨૩)નું ઘટના સ્થળે કરૂણ મોત થયા હતા. અન્ય ઘાયલોને ગણદેવી સ્થિત ખારેલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. બનાવને લઈ ચોમેર ભારે અફરાતફરીનો માહોલ છવાઈ ગયો હતો.

બનાવની જાણ થતાં જ ગણદેવી પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. સ્થાનિક આગેવાનો અને કેન્દ્રીય મંત્રી નરેશભાઈ પટેલ પણ સ્થળ પર પહોંચી સ્થિતિની સમીક્ષા કરી હતી અને પીડિત પરિવારોને સાંત્વના પાઠવી હતી. એકસાથે ૩ યુવાનોના કમકમાટીભર્યા મોતથી સમગ્ર ગણદેવા ગામમાં અરેરાટી સાથે ભારે શોકની કાલિમા છવાઈ ગઈ છે.

# વલસાડ જિલ્લામાં આપત્તિ બાદ વહીવટીતંત્રની સઘન કામગીરીઃ અસરગ્રસ્તોને ૧૬.૬૬ કરોડથી વધુની સહાયનું ચુકવણું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૩૧**

તાજેતરમાં સર્જાયેલી આપત્તિ બાદ વલસાડ જિલ્લામાં પ્રભાવિત લોકોને મદદરૂપ થવા માટે વહીવટીતંત્ર દ્વારા યુદ્ધના ધોરણે રાહત અને બચાવની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સમગ્ર જિલ્લામાં વ્યાપક સર્વે હાથ ધરીને અસરગ્રસ્તોને સહાય પહોંચાડવાની કામગીરીને ભારે વેગ આપવામાં આવ્યો છે.

વલસાડ પુર નિયત્રણ કક્ષ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર તા.૩૦/૦૭/૨૦૨૬ સુધી જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારો મળીને કુલ ૪૬૯૨૭ જેટલા સર્વે કરવામાં આવ્યા છે. જેમાંથી ૪૦૦૬૦ જેટલા લાભાર્થીઓને કુલ રૂ.૧૬.૬૬ કરોડની સહાય ડીબીટી ધોરણે ચૂકવી દેવામાં આવી છે. અસરગ્રસ્ત પરિવારોને કેશ ડોલ્સ અને ઘરવખરીની સહાય પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. કેશ ડોલ્સ સહાય અંતર્ગત ૧૯૧૬૬ પરિવારોને રૂ.૩.૩૭ કરોડની સહાય તેમના બેંક ખાતા અથવા ચેક મારફતે પહોંચાડવામાં આવી છે. આ ઉપરાંત ઘરવખરી સહાય અર્થે ૧૯૯૮૮ જરૂરિયાતમંદ પરિવારોને રૂ.૯.૯૭ કરોડની સહાય તંત્ર દ્વારા ચૂકવી દેવામાં આવી છે.

માનવ મૃત્યુના ૧૬ કિસ્સાઓ પૈકી ૧૩ કિસ્સાઓમાં મૃતકોના પરિજનોને રૂ.૫૨ લાખની સહાય ચૂકવી દેવામાં આવી છે. અબોલ પશુઓના જીવ ગુમાવવાના કિસ્સામાં પણ ૩૮૯ પશુઓ માટે રૂ.૩૭.૨૧ લાખની સહાય પશુપાલકોને આપવામાં આવી છે. રહેણાંક મકાનોના નુકસાન અંગે ઝૂંપડા અને કાચા-પાકા મળીને ૫૦૪ મકાન માલિકોને રૂ.૨.૪૨ કરોડની ચૂકવણી થઈ ચૂકી છે.

## ઔરંગા નદી કાંઠાના નીચાણવાળા વિસ્તારના લોકોને સલામત સ્થળે ખસી જવા વહીવટીતંત્રની અપીલ

# ઔરંગા નદીના જળસ્તરમાં વધારો થતાં નીચાણવાળા વિસ્તારોમાંથી અંદાજિત ૮૦૦ લોકોનું સુરક્ષિત સ્થળાંતર

**ધરમપુર તાલુકામાં સૌથી વધુ ૧૯૮ મી.મી. અને વલસાડ તાલુકામાં ૧૨૧ મી.મી. વરસાદ નોંધાયો**









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૩૧**

વલસાડ જિલ્લામાં અવિરત અને ભારે વરસાદને પગલે વહીવટી તંત્ર દ્વારા ''રેડ એલર્ટ'' જાહેર કરવામાં આવ્યું છે. ઉપરવાસમાં પડી રહેલા અતિ ભારે વરસાદના કારણે ઔરંગા નદીનું જળસ્તર ખૂબ જ ઝડપથી વધી રહ્યું હોવાથી જિલ્લા કલેક્ટર શ્રી નીતિન સાંગવાન અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી અતિરાગ ચપલોત દ્વારા તકેદારીના ભાગરૂપે નીચાણવાળા વિસ્તારોના લોકોને સલામત સ્થળે વહીવટીતંત્રના આશ્રયસ્થાનોમાં સલામત સ્થળે ખસી જવા અપીલ કરવામાં આવી છે. અત્યાર સુધી અંદાજિત ૮૦૦ જેટલા લોકોનું ભાગડાખુર્દ, ભાગડાવડા, લીલાપોર, ભદેલી જગાલાલા અને કાશ્મીર નગર અને અન્ય નીચાણવાળા વિસ્તારોમાંથી સ્થળાંતર કરાવવામાં આવ્યું છે.

છેલ્લા ૧૨ કલાકના વરસાદના આંકડા મુજબ, જિલ્લામાં સાર્વત્રિક અને ભારે વરસાદ પડ્યો છે, જેમાં ધરમપુર તાલુકામાં સૌથી વધુ ૧૯૮ મી.મી. અને વલસાડ તાલુકામાં ૧૨૧ મી.મી. વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત પારડીમાં ૮૫ મી.મી., નાનાપોંઢામાં ૭૩ મી.મી. અને કપરાડામાં ૬૯ મી.મી. વરસાદ નોંધવામાં આવ્યો છે.

અતિવૃષ્ટિ અને પાણી ભરાવાની સ્થિતિના કારણે જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ હસ્તકના કુલ ૧૨૩ રસ્તાઓ હાલ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે. આ બંધ થયેલા રસ્તાઓમાં ૧૨૨ પંચાયત હસ્તકના રસ્તાઓ અને ૧ સ્ટેટ હાઈવેનો સમાવેશ થાય છે. તાલુકાવાર બંધ રસ્તાઓની વિગત જોઈએ તો, ધરમપુરમાં સૌથી વધુ ૪૭, વલસાડમાં ૩૬, પારડીમાં ૨૦ અને કપરાડામાં ૧૫ રસ્તાઓ પર વાહનવ્યવહાર અટકાવી દેવામાં આવ્યો છે.

જિલ્લા કલેક્ટરશ્રી નિતીન સાંગવાન દ્વારા તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે અતિ આવશ્યક કામ વગર ઘરની બહાર ન નીકળે અને નદી, નાળા કે ડેમ સાઈટની આસપાસ ન જાય. કોઈપણ પ્રકારની ઈમરજન્સીમાં તાત્કાલિક જિલ્લા કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા વહીવટી તંત્ર દ્વારા જણાવાયું છે.

# ધરમપુર પોલીસ સ્ટેશનમાં 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજાયોઃ ખોવાયેલ ૩૩ મોબાઈલ મૂળ માલિકોને અર્પણ કરાયા




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૧**

વલસાડ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ પોલીસ દ્વારા સમયે સમયે આયોજન કરવામાં આવે છે. તે અંતર્ગત ધરમપુર પોલીસ સ્ટેશનમાં 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૩૩ મોબાઈલ મૂળ માલિકોને અર્પણ કરાયા હતા.

જિલ્લાભરમાં પોલીસ સ્ટેશન વિસ્તારોમાં લોકોના વાહનો, મોબાઈલ કે કિંમતી ચીજવસ્તુઓ ચોરાઈ હોય તેની તપાસ કરી પોલીસ તે મૂળ માલિકોને અર્પણ કરે છે. તે મુજબ ધરમપુર પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી એન.ઝેડ.ભોયા, પી.એસ.આઈ. શ્રી વી.એ.વસાવા, એ.એસ.આઈ. શ્રી અશોકભાઈની રાહબરીમાં ધરમપુર પોલીસ સ્ટેશનમાં 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૩ જેટલા મોબાઈલ મૂળ માલિકોને અર્પણ કરી પોલીસે પ્રશંસનીય ફરજ અદા કરી હતી.

# કાવ્યાનુભૂતિ

## સાજણ નહીં ચાલે

*હું પૂરા પ્રેમનો હકદાર,*
*આ અડધો પડધો પ્રેમ સાજણ નહીં ચાલે.*
*તારા પર મારો પૂરો અધિકાર,*
*'આ સમય નથી' નો વિચાર સાજણ નહીં ચાલે.*

*વસાવી તુજને હૃદયામાં, મેં તો જીવ્યા કીધું.*
*પ્રસંગે તૂટતા તાંતણાને, મહેનતે સીવ્યા કીધું.*
*ચહું હર ક્ષણમાં પ્રીતનો અહેસાસ,*
*આ સગવડતાએ પ્રેમ સાજણ નહીં ચાલે.*

*શ્વાસની હર માળા જો ને, જપતી તારું નામ.*
*તું ને તારું સ્મરણ,*
*બસ, એક જ મારું કામ. હરપળ એકમેકમાં થાય ઓળઘોળ,*
*આ ઘડીકનો પ્રણયદોર સાજણ નહીં ચાલે.*
*વલોવાયા સતત કરે વેદના,*

*તારો ગુસ્સો મારાં આંસુ.*
*વીતી રહે ભરપૂર પછી, વિરહ તણું ચોમાસું.*
*હવે તો મેળાપની બસ વાત,*
*તારા વ્યસ્તતાના વંટોળ સાજણ નહીં ચાલે.*



**પદ્માક્ષીબેન મનિષભાઈ પટેલ (પ્રાંજલ)**
વ્યવસાયઃ પ્રાથમિક શિક્ષક, પારડી કન્યાશાળા નં-૧,
કિલ્લાઃ પારડી જિ વલસાડ
અભ્યાસ : પી.ટી.સી., એમ.એ બી.એડ.

આ કાવ્યમાં કવયિત્રી એ સાચા પ્રેમની ઊંડી અનુભૂતિ અને પૂર્ણ સમર્પણની ઝંખનાને અત્યંત ભાવસભર રીતે વ્યક્ત કરી છે. પ્રેમમાં માત્ર હાજરી પૂરતી નથી, પરંતુ સમય, લાગણી, અધિકાર, આત્મીયતા અને પરસ્પર સમર્પણ પણ એટલું જ જરૂરી છે. અડધો-અધૂરો પ્રેમ કે માત્ર અનુકૂળ સમયે જ મળતો પ્રેમ હૃદયને સંતોષી શકતો નથી. કવિતાની દરેક કડી આ જ ભાવને અલગ-અલગ રીતે ઉજાગર કરે છે.

પ્રથમ કડીમાં કવયિત્રી કહે છે કે પોતે સંપૂર્ણ પ્રેમની અધિકારી છે. પ્રેમમાં અડધાપણું, બહાનાં કે સમયના અભાવના કારણો સ્વીકાર્ય નથી. જ્યારે બે હૃદય એકબીજાને પ્રેમ કરે છે, ત્યારે ''હવે સમય નથી'' જેવા શબ્દો પ્રેમની ઊંડાઈને ઓછી કરી દે છે. પ્રેમમાં અધિકારનો અર્થ બંધન નહીં, પરંતુ પરસ્પરનો હૂંફાળો સ્વીકાર અને એકબીજાને પ્રાથમિકતા આપવાનો છે.

બીજી કડીમાં કવયિત્રી જણાવે છે કે તેણે પોતાના પ્રિયજનને હૃદયમાં સ્થાયી સ્થાન આપ્યું છે. જીવનનું કેન્દ્ર જ તેને બનાવી દીધું છે. સંબંધમાં જ્યારે પણ ગેરસમજ કે અંતર આવ્યું, ત્યારે સંબંધના તૂટતા તાંતણાને તેણે ધીરજ, સમજણ અને પ્રેમથી ફરી સીવી દીધા. છતાં તેને લાગે છે કે સંબંધ માત્ર પ્રસંગોપાત કે અનુકૂળ સમયે જ જીવંત રહે તે પૂરતું નથી. પ્રેમનો અહેસાસ દરેક ક્ષણે અનુભવાય, ત્યારે જ પ્રેમ સાચા અર્થમાં જીવંત કહેવાય.

ત્રીજી કડીમાં પ્રેમની પરાકાષ્ઠા દર્શાવવામાં આવી છે. પ્રિયતમા કહે છે દરેક શ્વાસ પોતાના પ્રિયજનનું નામ જપે છે. તેનું સ્મરણ જ જીવનનું સૌથી મોટું કાર્ય બની ગયું છે. તે ઈચ્છે છે કે બંને એકબીજાના જીવનમાં એટલા ઓતપ્રોત થઈ જાય કે તેમના વિચારો, લાગણીઓ અને જીવન એકરૂપ બની જાય. માત્ર થોડા સમયનો સાથ કે ક્ષણિક પ્રેમ તેને સ્વીકાર્ય નથી; તેને તો સતત વહેતો પ્રેમનો પ્રવાહ જોઈએ છે.

અંતિમ કડીમાં વિરહની વ્યથા ખૂબ જ મર્મસ્પર્શી રીતે વ્યક્ત થઈ છે. પ્રિયજનનો ગુસ્સો અને પોતાની આંખોના આંસુ બંને સતત વેદના જગાવે છે. લાંબા સમયથી વિરહનું ચોમાસું જીવનમાં વરસી રહ્યું છે. હવે કવયિત્રીની માત્ર એક જ અભિલાષા છે—મેળાપ. પ્રિયજનની સતત વ્યસ્તતા અને તેના કારણે સર્જાતા અંતરને હવે તે વધુ સહન કરી શકતી નથી. પ્રેમમાં વ્યસ્તતા કરતાં લાગણીને વધુ સ્થાન મળવું જોઈએ, એવો આ કાવ્યનો મુખ્ય સંદેશ છે.

આ સમગ્ર રચના આપણને સમજાવે છે કે સાચો પ્રેમ સમયની સગવડ પર આધારિત નથી હોતો. પ્રેમમાં પૂર્ણ સમર્પણ, વિશ્વાસ, પરસ્પરનો સાથ, લાગણીનો સતત અહેસાસ અને એકબીજા માટે સમય કાઢવાની તૈયારી હોય ત્યારે જ સંબંધ સુખદ અને ચિરંજીવી બની શકે છે. અડધા-અધૂરા સંબંધો હૃદયને સંતોષી શકતા નથી; પ્રેમ હંમેશા પૂર્ણતા માંગે છે. કવયિત્રીના હૃદયમાંથી નીકળેલી આ લાગણીઓ દરેક એવા વ્યક્તિના મનને સ્પર્શે છે, જેણે પ્રેમમાં રાહ, વિરહ અને મિલનની ઝંખના અનુભવી હોય.